# —:: પ્રેસનોટ ::—

સુરત ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ ધ્વારા સુરત શહેરમાં આવેલ હોટલ / રેસ્ટોરન્ટમાં અગાઉ ફાયર વિભાગ ધ્વારા સર્વે કરવામાં આવેલ જેમાં અપુરતી ફાયર સેફટી સીસ્ટમ હોય અથવા પુરતા સેફટીનાં સાધનો ઉપલબ્ધ ન હોય જેથી ફાયર સેફટીની સુવિધા કરાવી લેવા ફાયર વિભાગ ધ્વારા નોટીશ આપવામાં આવેલ. તેમછતાં હોટલ/રેસ્ટોરન્ટનાં સંચાલકશ્રી ધ્વારા ફાયર સુવિધા ઉભી ન કરાવવામાં આવતા મા. મ્યુ. કમિશ્નરશ્રી અને મા.ડે.મ્યુ. કમિશ્નરશ્રીની સુચના અન્વયે તા.૨૮/૦૬/૨૦૧૯નાં રોજ નીચે મુજબની હોટલ /રેસ્ટોરન્ટને સીલ કરવામાં આવેલ.

- રૂપા રેસ્ટોરન્ટ, રેલ્વે સ્ટેશન સામે, સુરત
- તેરાપંથ ભવન, પ્લોટ નં. એ–૧૪, અંદનવન સોસા. ઉધના, સુરત
- ડીસન્ટ હોટલ, તક્ષશિલા એપાર્ટમેન્ટ, આંનદમહલ રોડ, અડાજણ, સુરત
- એસ.એમ.એલ. હાઉસ, ઉધના મગદલ્લા રોડ, ભટાર, સુરત

- આ સિવાય કુલ–૮૧ ઇમારતોને ચેક કરવામાં આવેલ છે જે પૈકી અપુરતી ફાયર સેફટી સીસ્ટમ હોય તેવી તમામ એટલે કે કુલ–૪૭ ઈમારતોને નોટીશ આપવામાં આવેલ છે.

ઉપરોકત કાર્યવાહી જાહેર સલામતીને ધ્યાને લઇ કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.......૨૧૪...........
તા.૨૮ / ૦૬ / ૨૦૧૯

## —:: પ્રેસનોટ ::—

- સુરત મહાનગરપાલિકાનાં મ્યુ.કમિશ્નરશ્રીનાં આદેશ અન્વયે ફાયર વિભાગમાં ફાયર વોલીયન્ટર તરીકે કામગીરી કરવા ઈચ્છુક ઉમેદવારો માટે સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in ઉપર ઓનલાઈન રજીસ્ટેશનની પ્રક્રિયા તા.૨૮/૦૬/૨૦૧૯નાં રોજ થી શરૂ કરવામાં આવેલ. જેમા પ્રથમ દિવસે કુલ–૧૪ વ્યકિતઓએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવેલ જે પૈકી પ્રથમ ત્રણ વ્યકિતઓ (૧) શ્રી ઋષિકેશ ઉકાણી, રહે. વરાછા રોડ (૨) શ્રી નિખિલ રાદડીયા, રહે. વૃદાવન ચોક, મોટાવરાછા અને (૩) શ્રી મિતેશ ભાલેકર, ઈચ્છાપોર, હજીરારોડએ, જરૂરી ડોકયુમેન્ટસ અપલોડ કરી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવેલ છે.

ઉપરોક્ત કાર્યવાહી જાહેર સલામતીને ધ્યાને લઇ કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.......૨૧૫.........
તા.૨૮ / ૦૬ / ૨૦૧૯

**:: પ્રેસનોટ ::**

**પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત**
**"શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા"**

વિષય : પૂજય શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા"

પૂજય શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત **"શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા"નું** આયોજન તા.૦૩/૦૭/૨૦૧૯ને બુધવારના રોજ સવારે ૮.૩૦ કલાકે "સીંગણપોર તરણકુંડ", મ્યુનિ.કોમ્યુનિટી હોલની પાછળ, ન્યુ ત્રિવેણી સોસાયટીની સામે, સીંગણપોર રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ અને હરિઃૐ આશ્રમના પ્રતિનિધિઓની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાનાર આ સ્પર્ધામાં સમયસર હાજર રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા શહેરના ૯ થી ૧૩ વર્ષની વયના બાળ તરણવીરોને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને ઉપસ્થિત રહેવા નિમંત્રણ છે. આ સ્પર્ધામાં અગાઉથી રજીસ્ટ્રેશન કરાવેલ વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓ જ ભાગ લઈ શકશે.

સમાચારયાદી નં. ૨૧૬, તા.૩૦/૦૬/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

## :: પ્રેસનોટ ::

### પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા"

વિષય : પૂજય શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા"

પૂજય શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત **"શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા"નું** આયોજન તા.૦૩/૦૭/૨૦૧૯ને બુધવારના રોજ સવારે ૮.૩૦ કલાકે "સીંગણપોર તરણકુંડ", મ્યુનિ.કોમ્યુનિટી હોલની પાછળ, ન્યુ ત્રિવેણી સોસાયટીની સામે, સીંગણપોર રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ અને હરિઃૐ આશ્રમના પ્રતિનિધિઓની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાનાર આ સ્પર્ધામાં સમયસર હાજર રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા શહેરના ૯ થી ૧૩ વર્ષની વયના બાળ તરણવીરોને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને ઉપસ્થિત રહેવા નિમંત્રણ છે. આ સ્પર્ધામાં અગાઉથી રજીસ્ટ્રેશન કરાવેલ વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓ જ ભાગ લઈ શકશે.

સમાચારયાદી નં. ૨૧૭, તા.૦૧/૦૭/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# **પ્રેસનોટ**

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

## **ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત :–**

સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૩, નોંધ નં.૭૯૧,૭૯૨,૭૯૩/બ,કરવા રોડ,નવાપુરા વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૦૧/૦૭/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત છઠ્ઠા(પાર્ટ) અને સાતમાં (પાર્ટ) માળનો વધારાનો સ્લેબ આશરે ૧૫૦૦ ચો.ફુટ આર.સી.સી.સ્લેબ દુર કરવામાં આવેલ. તેમજ તે અન્વયે વહીવટી ચાર્જ પેટે મિલ્કતદાર પાસેથી રૂા.૫૦,૦૦૦/– વસુલ લીધેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૨૧૮
તા.૦૧/૦૭/૨૦૧૯

219

## :: પ્રેસનોટ ::

### "સુરત મહાનગરપાલિકા આયોજીત વર્ષાગીત સ્પર્ધા"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૦/૦૭/૨૦૧૯ના રોજ ખટોદરા કોમ્યુનિટી હોલ, ખટોદરા ઉધના, સુરત ખાતે આયોજીત વર્ષાગીત સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા દ્વારા વર્ષાના આગમનને વધાવવા તા.૧૦/૦૭/૨૦૧૯ને બુધવારના રોજ **સવારે ૧૦.૦૦ કલાકે માધ્યમિક વિભાગ**ની અને બપોરે **૧૨.૦૦ કલાકે પ્રાથમિક વિભાગ**ની વર્ષાગીત સ્પર્ધાનું આયોજન **ખટોદરા કોમ્યુનિટી હોલ, ખટોદરા હેલ્થ સેન્ટરની સામે, ખટોદરા, ઉધના, સુરત** ખાતે કરવામાં આવેલ છે. વર્ષાગીત સ્પર્ધામાં સુરત શહેરની હદ વિસ્તારમાં આવેલ પ્રાથમિક અને માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મેળવી ભરેલા **<u>પ્રવેશપત્રો તા.૦૮/૦૭/૨૦૧૯</u>** સુધીમાં પરત કરવાના રહેશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી પણ સ્પર્ધાના પ્રવેશ ફોર્મ, નિયમો અંગેની માહિતી મળી શકશે.

સમાચારયાદી નં. ૨૧૯ , તા.૦૧/૦૭/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# –:: પ્રેસનોટ ::–

તા.૩૦/૦૬/૨૦૧૯ના રોજ રાત્રે થયેલ ભારે વરસાદના સમયે વેસુ વિસ્તારમાં આવેલ વી.આઈ.પી. રોડ પર ટી.પી. સ્કીમ નં.: ૨ (વેસુ–ભરથાણા–વેસુ) ફા. પ્લોટ નં.: ૧૩૮ + ૧૩૯ વાળી જમીનમાં બેઝમેન્ટના ખોદાણ વાળી જગ્યાએ  મુખ્ય રસ્તા તરફે અમુક ભાગમાં માટી ધસી જતા રસ્તા, ફુટપાથ, અન્ડર ગ્રાઉન્ડ વોટર સપ્લાય લાઈન તથા વરસાદી પાણીની લાઈનને નુકશાન થયેલ છે.  રાજય સરકારશ્રી ધ્વારા તા.૧૨/૧૦/૨૦૧૭ ના  જાહેરનામા થી મંજુર થયેલ સંકલિત સામાન્ય વિકાસ નિયંત્રણ નિયમો પૈકીના નિયમ નં.: ૩.૩.૨ તથા ૫.૪.૩ માં થયેલ જોગવાઈઓ મુજબ આવા કિસ્સાઓ માટે જવાબદાર ડેવલપર શ્રી પિયુષ આર. પટેલ, લાયસન્સ નં.: ટીડીઓ/ડીઈવીઆર/૧૯૪૧, નિયુકત એન્જી. શ્રી પ્રદિપ કે. લસણીયા લાયસન્સ નં.: ટીડીઓ/ઈ.આર./૩૫૬ તથા નિયુકત સ્ટ્રકચરલ એન્જીનીયર શ્રી ધરમ આર. ભગત, લાયસન્સ  નં.: ટીડીઓ/એસટીડીઆર/૨૨૬ ના લાયસન્સ  ૬ (છ) માસ માટે મોકુફ કરવામાં આવેલ છે. તેમજ પ્રશ્નવાળી જમીનમાં સંપૂર્ણપણે સલામત થયાની ખાતરી ન થાય ત્યાં સુધી સદર મિલ્કતમાં આપવામાં આવેલ રજાચિઠ્ઠી સ્થગિત કરવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ**
**તા.**
**સુરત મહાનગરપાલિકા**
**તરફથી સાદર સમાચાર યાદી**
**નં.:૨૨૦**

:: પ્રેસનોટ ::

## "અલુણાવ્રત ઉજવણી નિમિત્તે મહેંદી અને ગોરમાગીત સ્પર્ધા"

વિષય : અલુણાવ્રત નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાનાર મહેંદી અને ગોરમાગીત સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા દ્વારા અલુણાવ્રત્ત નિમિત્તે નીચે મુજબની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે.

| ક્રમ | તારીખ / વાર | સમય | સ્પર્ધા | વિભાગ | સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૩/૦૭/૨૦૧૯ શનિવાર | બપોરે ૧૨.૦૦ કલાકે | મહેંદી સ્પર્ધા | પ્રાથમિક | પરવત કોમ્યુનિટી હોલ, પરસોત્તમનગરની સામે, પરવતપાટીયા–ગોડાદરા રોડ, પરવત, સુરત. |
| | | બપોરે ૨.૦૦ કલાકે | | માધ્યમિક | |
| ૨ | ૧૫/૦૭/૨૦૧૯ સોમવાર | બપોરે ૧૨.૦૦ કલાકે | | ખુલ્લો | |
| ૩ | ૧૬/૦૭/૨૦૧૯ મંગળવાર | સવારે ૧૦.૦૦ કલાકે | ગોરમાગીત સ્પર્ધા | પ્રાથમિક વિભાગ | પરફોર્મિંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી–ડૉ.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ, અડાજણ, સુરત |

મહેંદી સ્પર્ધામાં સુરત શહેરની પ્રાથમિક / માધ્યમિક શાળાની વિદ્યાર્થીનીઓ તથા ખુલ્લા વિભાગમાં સુરત શહેરની મહિલાઓ ભાગ લઈ શકશે. મહેંદી સ્પર્ધાના પ્રાથમિક વિભાગમાં **નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળાના વિદ્યાર્થીનીઓએ તેઓના મહેંદી હરિફાઈના પ્રવેશપત્રો જે તે શાળા મારફત જ સાંસ્કૃતિક વિભાગમાં મોકલવાના રહેશે.** ગોરમાગીત સ્પર્ધામાં શહેરની પ્રાથમિક શાળાઓની વિદ્યાર્થીનીઓ/કન્યાઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશફોર્મ સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં. ૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત ખાતેથી **તા.૧૦/૦૭/૨૦૧૯** સુધીમાં ઓફિસ સમય દરમ્યાન મેળવી પ્રવેશપત્ર સાથે જન્મનો દાખલો, સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ અથવા અન્ય ઉંમરના પુરાવાની સર્ટીફાઈડ કોપી સહિત પરત કરવાના રહેશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી પણ સ્પર્ધામાં ભાગ લેવા બાબતની પ્રેસનોટ, નિયમો અને પ્રવેશ ફોર્મ અંગેની માહિતી મળી શકશે.

સમાચારયાદી નં. ૨૨૧ , તા.૦૨/૦૭/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# **પ્રેસનોટ**

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

## **ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત :–**

સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૧, નોંધ નં.૫૫૦/અ+બ+ક વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાની મંજુરી વિરુધ્ધ ગેરકાયદેસર બાંધકામ કરતા અત્રેથી તા.૦૨/૦૭/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત પાંચમા માળે આશરે ૪૫૦ ચો.ફુટ આર.સી.સી.સ્લેબ તથા ૨૦૦ ચો.ફુટ ચણતર દુર કરવામાં આવેલ છે. તેમજ ડીમોલીશન પેટે રૂા.૬૫,૦૦૦/– વહીવટી ચાર્જ (ડીમોલીશન પેટે) વસુલ લેવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૨૨૨
તા.૦૨/૦૭/૨૦૧૯

223

**–: પ્રેસનોટ :–**

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ચાલતા બેઝમેન્ટના ખોદાણોના બાંધકામોમાં બેરીકેડીંગ કરવા સહિત સલામતી જાળવવા અંગે સંકલિત સામાન્ય વિકાસ નિયંત્રણ નિયમો પૈકીના નિયમ નં.૩.૩.૨ તથા ૫.૪.૩ માં જે તે ડેવલપર તથા રજીસ્ટર્ડ પર્સન ઓન રેકર્ડની જવાબદારીઓ નિયત કરવામાં આવેલ છે.

ચોમાસાની સીઝન દરમ્યાન આવા બેઝમેન્ટમાં ચાલતા બાંધકામોમાં સલામતીના પગલા તમામ સંબંધિતોને સુરત મહાનગરપાલિકા તરફથી તાકીદ કરીને નોટીસો આપવામાં આવેલ છે. પરંતુ તેમ છતાં તેનો સંતોષકારક અમલ નહીં કરવા બદલ નીચે જણાવેલ પ્રોજેકટોની બાંધકામની પરવાનગી સ્થગિત કરીને ફકત સલામતી માટે જરૂરી બેરીકેડીંગ તથા અન્ય જરૂરી પગલા ભરવાની કામગીરી કરવા હુકમો કરવામાં આવેલ છે.

| અ.નં. | મિલ્કતનું વર્ણન | પ્રોજેકટનું નામ | ડેવલપરનું નામ |
|---|---|---|---|
| | **સાઉથ ઈસ્ટ (લીંબાયત) ઝોન** | | |
| ૧ | ટી.પી.સ્કીમ નં.૬૪ (મગોબ–ડુંભાલ) ફા.પ્લોટ નં.૧૨૪ + ૮૮ | યુ.ટી.એમ. માર્કેટ | મહાવીર શાહ |
| ૨ | ટી.પી.સ્કીમ નં.૧૯ (પરવટ–મગોબ) ફા.પ્લોટ નં.૩૭+૪૧+૪૨ | અયોધ્યા ટેક્ષટાઈલ માર્કેટ | સન્ની લહેરી |
| ૩ | ટી.પી.સ્કીમ નં.૧૯ (પરવટ–મગોબ) ફા.પ્લોટ નં.૪૭+૪૯ | રઘુવીર માર્કેટ | હિતેશ પોંકીયા |
| ૪ | ટી.પી.સ્કીમ નં.૧૯ (પરવટ–મગોબ) ફા.પ્લોટ નં.૨૧/૧ | સરસ્વતી માર્કેટ | સત્યનારાયણ રાઠી |
| | **વેસ્ટ (રાંદેર) ઝોન** | | |
| ૧ | ટી.પી.સ્કીમ નં.૧૬(પાલ) ફા.પ્લોટ નં.૮૩ | ગ્રીન પામ | તેજસ રવાણી |
| ૨ | ટી.પી.સ્કીમ નં.૪૪(જહાંગીરાબાદ) ફા.પ્લોટ નં.૨૯ | એમોર | મનીષ કતારગામવાળા |
| | **સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન** | | |
| ૧ | ટી.પી.સ્કીમ નં. ૭ (વેસુ–મગદલ્લા) ફા.પ્લોટ નં.૧૪ | સોલેરીયમ બિઝનેસ સેન્ટર | વસંતભાઈ પટેલ |
| ૨ | ટી.પી.સ્કીમ નં. ૫ (વેસુ–ભીમરાડ) ફા.પ્લોટ નં.૮/૧ | ઓફિરા સીએસ્ટા | અંકિત શાહ |
| ૩ | ટી.પી.સ્કીમ નં. ૩૭ (અલથાણ) ફા.પ્લોટ નં.૯૪ | સાંઈ એન્કલેવ | શૈલેષ ગોનાવાલા |

**જનસંપર્ક વિભાગ**
**નં.o223**

224

# **<u>પ્રેસ નોટ</u>**

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુબાજુ વિસ્તારમાં બી.આર.ટી.એસ. અને સીટીબસની સુવિધા રાહત દરે પુરી પાડવામાં આવી રહેલ છે. શહેરના નાગરિકો દ્વારા બસ સેવાનો ખુબજ સારા પ્રમાણમાં લાભ લેવામાં આવી રહેલ છે . જેના પરિણામે મુસાફરોની સંખ્યામાં ઉત્તરો-ઉત્તર વધારો થઈ રહેલ છે. હાલમાં બી.આરટી.એસ. ના કુલ ૧૨ રૂટ મળીને આશરે દૈનિક ૧૦૫,૦૦૦ થી વધુ પેસેન્જબરો તેમજ સીટીબસ ના કુલ ૩૭ રૂટ ઉપર આશરે દૈનિક ૧ ,૧૮,૦૦૦ પેસેન્જંરો મળી કુલ ૨ ,૨૩,૦૦૦ જેટલા નાગરિકો જાહેરપરિવહન સેવાનો લાભ લઈ રહેલ છે

જાહેર પરિવહન સેવાનો શહેરીજનો દ્વારા હાલમાં વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવી રહેલ છે જેને ધ્યાનમાં લઈ સુરત મહાનગરપાલિકા દ્વારા નવા સીટીબસ રૂટ નં ૧૪૭ રેલ્વે સ્ટેશન થી ગ્રીનસીટી ભાઠા તા.૦૩/૦૭/૨૦૧૯ ના રોજથી શરૂ કરવામાં આવનાર છે. આ રૂટ રેલ્વે સ્ટેશન થી ગ્રીનસીટી ભાઠા વાયા ભાગળ, ચોક ટર્મિનલ, મક્કાઈ પુલ, BAPS હોસ્પિટલ અડાજણ, અડાજણ ગામ, સ્ટાર બજાર, મધુવન સર્કલ, ગેલેક્સી સર્કલ થઈ ગ્રીનસીટી ભાઠા સુધી નાં વિસ્તારને આવરી લેવામાં આવશે આ રૂટ શરૂ કરવાથી ગ્રીનસીટી ભાઠા તથા અડાજણ વિસ્તારના રહેવાસીઓ , નોકરિયાત તથા ધંધાદારી લોકોને રેલ્વે સ્ટેશન , રાજમાર્ગ ની બસ સેવાની કનેક્ટિવિટી મળશે. આ રૂટમાં કુલ ૭ બસ મુકવામાં આવનાર છે અને પીકઅવર્સમાં દર પંદર(૧૫) મીનીટે બસ સેવા પ્રાપ્ત થશે

આ રૂટ તા.૦૩/૦૭/૨૦૧૯ નાં રોજથી શરૂ કરવામાં આવનાર હોય જાહેર જનતાને સદરહુ રૂટની બસ સેવાનો લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં ૨૨૪
તા. ૦૨/૦૭/૨૦૧૯

225

:: પ્રેસનોટ ::

## પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત
## " શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા"

વિષય : પૂજય શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત **"શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા"**નું પરિણામ

પૂજય શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા" તા.૦૩/૦૭/૨૦૧૯ને બુધવારના રોજ સવારે ૮.૩૦ કલાકે "સીંગણપોર તરણકુંડ", મ્યુનિ.કોમ્યુનિટી હોલની પાછળ, ન્યુ ત્રિવેણી સોસાયટીની સામે, સીંગણપોર રોડ, સુરત ખાતે યોજવામાં આવી હતી.

પૂજય શ્રીમોટાએ આપેલ 'ગુરૂજી'ના હુલામણા નામે લોકપ્રિય અને જેના નામ સાથે આ સ્પર્ધા જોડાયેલ છે એવા શ્રી ચીમનલાલ ત્રિભોવનદાસ લાપસીવાલા તરણ પ્રવૃતિઓમાં ખ્યાતનામ હતા અને તેથી જ તેમના નામે યોજાતી આ સ્પર્ધાના બાળકો અને કિશોર–કિશોરીઓમાં સાહસવૃત્તિ વિકસે, બહાદુરી પ્રગટે અને સ્પોર્ટસ્ પ્રતિ રસ–રૂચિ કેળવાય તેવા હેતુથી યોજવામાં આવે છે. બાળતરણ સ્પર્ધાનો શુભારંભ તા.૦૩/૦૭/૨૦૧૯ના રોજ માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલ, શાસક પક્ષ દંડક શ્રીમતી દક્ષાબેન જરીવાલા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ, ઉપાધ્યક્ષા શ્રીમતી આરતીબેન પટેલ, નગર નિયોજન સમિતિ અધ્યક્ષશ્રી રમેશભાઈ ઉકાણી, જાહેર બાંધકામ સમિતિ ઉપાધ્યક્ષશ્રી લાલજીભાઈ ઘોરી, મ્યુનિ.સભ્યશ્રી રમીલાબેન પટેલ, શ્રીમતી ગીતાબેન પટેલ, હરિઃૐ આશ્રમના પ્રતિનિધિશ્રી કનૈયાભાઈ છત્રપતિ, સન્મુખભાઈ જીનવાલા, શ્રી મહેન્દ્રભાઈ લાપસીવાલાએ ઝંડી ફરકાવી કરાવ્યો હતો. બાળ તરણ સ્પર્ધામાં કિશોર અને કિશોરીઓના ૯ થી ૧૧ વર્ષ અને ૧૧ થી ૧૩ વર્ષના વયગૃપ મળી ૪ વિભાગમાં યોજાઈ હતી. ઝરમર વરસતા વરસાદમાં ૧૦૪થી વધુ સ્પર્ધકોએ ઉમંગભેર નિર્ધારીત ૫૦ મીટરનું અંતર પૂર્ણ કર્યુ હતું. સ્પર્ધાને અંતે નીચે મુજબના વિજેતાઓ જાહેર થયા હતા.

| વિજેતા ક્રમ | છોકરાઓ | | છોકરીઓ | |
|---|---|---|---|---|
| | અ<br>૯ થી ૧૧ વર્ષ | બ<br>૧૧ થી ૧૩ વર્ષ | ક<br>૯ થી ૧૧ વર્ષ | ડ<br>૧૧ થી ૧૩ વર્ષ |
| પ્રથમ | પટેલ હાસ્ય એમ. | માલવ પી. સારંગ | તારા નિમેષ મોદી | મહેક ડી.ચોપરા |
| દ્વિતિય | રૂશીલ કિશન ભાટીયા | કુંજ હર્ષલ દેસાઈ | દેબાશ્રી પી. ગલીયારા | રીમા કે. ઘડોયા |
| તૃતિય | દેવર્ષ વિરલ સેલર | ક્રિશીવ એચ. પટેલ | ભવ્યા જે. લાકડાવાલા | સ્નેહા જૈન |
| આશ્વાસન | રાણા ચિરાગ રીતેશકુમાર | નમ્ર આર. પટેલ | નંદની વાય. પટેલ | રીયા કે. ઘડોયા |
| | પટેલ દૈવિક પરેશકુમાર | માનવ ડી.પટેલ | પટેલ હીયા એન. | નાઈશા ગોલછા |

શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધાના વિજેતાઓને ઉપસ્થિત માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલ, શાસક પક્ષનેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ, ઉપાધ્યક્ષા શ્રીમતી આરતીબેન પટેલ, નગર નિયોજન સમિતિ અધ્યક્ષશ્રી રમેશભાઈ ઉકાણી, જાહેર બાંધકામ સમિતિ ઉપાધ્યક્ષશ્રી લાલજીભાઈ ઘોરી, મ્યુનિ.સભ્યશ્રી રમીલાબેન પટેલ, શ્રીમતી ગીતાબેન પટેલ, હરિઃૐ આશ્રમના પ્રતિનિધિશ્રી કનૈયાભાઈ છત્રપતિ, સન્મુખભાઈ જીનવાલા, શ્રી મહેન્દ્રભાઈ લાપસીવાલાના હસ્તે રોકડ પુરસ્કાર, ટ્રોફી, વિજેતા પ્રમાણપત્ર અને હરિઃૐ આશ્રમ તરફથી પૂજય શ્રીમોટાના ફોટો, કેલેન્ડર અને પુસ્તક એનાયત કરી નવાજવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ પાર્ટીસીપન્ટોને સુરત મહાનગરપાલિકા તરફથી સ્મૃતિભેટ અને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. જયારે હરિઃૐ આશ્રમના પ્રતિનિધિશ્રીઓ તરફથી પૂજય શ્રીમોટાની પ્રાર્થના પુસ્તિકા આપવામાં આવી હતી. આ પ્રસંગે મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, વાલીઓ અને રમતપ્રેમી નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી બાળતરણવીરોને પ્રોત્સાહિત કર્યા હતા.

સમાચારયાદી નં.225 , તા.૦૩/૦૭/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

—: પ્રેસનોટ :—

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ચાલતા બેઝમેન્ટના ખોદાણોના બાંધકામોમાં બેરીકેડીગ કરવા સહિત સલામતી જાળવવા અંગે સંકલિત સામાન્ય વિકાસ નિયંત્રણ નિયમો પૈકીના નિયમ નં.૩.૩.૨ તથા નિયમ નં.૫.૪.૩ માં જે તે ડેવલપર તથા રજીસ્ટર્ડ પર્સન ઓન રેકર્ડની જવાબદારીઓ નિયત કરવામાં આવેલ છે.

ચોમાસાની સીઝન દરમ્યાન આવા બેઝમેન્ટમાં ચાલતા બાંધકામોમાં સલામતીના પગલા તમામ સંબંધિતોને સુરત મહાનગરપાલિકા તરફથી તાકીદ કરીને નોટીસો આપવામાં આવેલ છે. પરંતુ તેમ છતાં તેનો સંતોષકારક અમલ નહી કરવા બદલ તા.૦૩/૦૭/૨૦૧૯ ના રોજ નીચે જણાવેલ પ્રોજેકટોની બાંધકામની પરવાનગી સ્થગિત કરીને ફકત સલામતી માટે જરૂરી બેરીકેડીગ તથા અન્ય જરૂરી પગલા ભરવાની કામગીરી કરવા હુકમો કરવામાં આવેલ છે.

| અ.નં. | મિલ્કતનું વર્ણન | પ્રોજેકટનું નામ | ડેવલપરનું નામ |
|---|---|---|---|
| | સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન | | |
| ૧ | ટી.પી.સ્કીમ નં. ૭૫ (વેસુ–મગદલ્લા– ગવિયર–આભવા)<br>ફા.પ્લોટ નં.૧૬+૧૮ | સ્પેક્ટ્રમ | હિતેષ પોકીયા |
| ૨ | ટી.પી.સ્કીમ નં. ૪ (ડુંભ–મગદલ્લા)<br>ફા.પ્લોટ નં.૪૨ | આગમ પ્રેસ્ટીજ | ભુપેન્દ્ર સુરતી |
| ૩ | ટી.પી.સ્કીમ નં. ૨૬ (આભવા)<br>ફા.પ્લોટ નં.૧૦૧ | સ્વપ્નભુમિ | અલ્પેશ કોટડીયા |
| ૪ | ટી.પી.સ્કીમ નં. ૪ (ડુંભ–મગદલ્લા)<br>ફા.પ્લોટ નં.૩૩ | રીવાઝ બેન્કવેટ | પ્રતિક પટેલ |
| ૫ | ટી.પી.સ્કીમ નં. ૬ (વેસુ) +<br>૭૫ (વેસુ– મગદલ્લા–ગવિયર–આભવા)<br>ફા.પ્લોટ નં.૫૯+૫૯/બી | પોલારીસ એવન્યુ | દિલીપ ભગત |

જનસંપર્ક વિભાગ
તા. ૦૩/૦૭/૨૦૧૯
સુરત મહાનગરપાલિકા
તરફથી સાદર સમાચાર યાદી
નં.: ૨૨૬

:: પ્રેસનોટ ::

## સુર્યપુત્રી તાપી નદીની જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તાપીમાતાની આરાધનાનો કાર્યક્રમ

વિષય : સુર્યપુત્રી તાપી નદીની જન્મજયંતિની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૮/૦૭/૨૦૧૯ના રોજ યોજાનાર તાપીમાતાની આરાધનાનો કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકા દ્વારા અષાઢ સુદ સાતમ સુર્યપુત્રી તાપી નદીની જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૦૮/૦૭/૨૦૧૯ને સોમવારના રોજ સાંજે ૬.૩૦ કલાકે નાવડી ઓવારા, જુની કોર્ટ સામે, નાનપુરા, સુરત ખાતે મંગલદીપ પ્રગટાવી તાપીમાતાની આરાધનાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. સુરત શહેરની ધરોહર એવી સુર્યપુત્રી તાપી નદીના જન્મદિનની ઉજવણી પ્રસંગે નાવડી ઓવારા ખાતે યોજાનાર તાપીમાતાની આરાધના કાર્યક્રમના પાવન પ્રસંગે શહેરના નગરજનોને સહભાગી થવા નિમંત્રણ છે.

સમાચારયાદી નં.૨૨૭, તા.૦૪/૦૭/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

## :: પ્રેસનોટ ::

**વિષય : સુરત મહાનગરપાલિકાના "ઈકો ફ્રેન્ડલી શ્રી ગણેશજી વિસર્જન" અભિયાનના સહયોગીઓના સન્માન સમારોહ બાબત.**

સુરત શહેરમાં વર્ષોથી ગણેશ ઉત્સવ દરમ્યાન શ્રી ગણેશજીની પ્રતિમાનું વિધિવત સ્થાપન કરી ખૂબ શ્રધ્ધા અને ભકિતભાવ પૂર્વક શ્રી ગણેશજીની પૂજા–અર્ચના કરી આ વિધ્નહર્તાની પ્રતિમાઓનું તાપી નદી, તળાવ, સમુદ્ર જેવા જળાશયોમાં વિસર્જન કરવામાં આવે છે. છેલ્લા ઘણા વર્ષોથી માટી ઉપરાંત પી.ઓ.પી., કેમીકલ યુકત રંગો તથા અન્ય હાનિકારક મટીરીયલમાંથી બનતી વિશાળકાય શ્રી ગણેશજીની પ્રતિમાઓનું ખુબ મોટી સંખ્યામાં સ્થાપન કરવામાં આવી રહ્યું છે. હાલ તાપી નદીમાં અપુરતું પાણી તથા પ્રતિમાઓની સંખ્યા ખૂબ વધી ગઈ હોવાથી શ્રી ગણેશજીની પ્રતિમાઓનું યોગ્ય રીતે વિસર્જન થઈ શકતું નથી. ઘણીવાર વિસર્જનના બીજા દિવસે આ પ્રતિમાઓ ક્ષોભજનક સ્થિતિમાં જોવા મળતાં શ્રધ્ધાળુઓની ધાર્મિક લાગણી પણ દુભાય છે. આ ઉપરાંત નદી, તળાવ, સમુદ્ર જેવા જળાશયમાં વિસર્જન કરતાં પાણી પ્રદુષણથી "ગ્લોબલ વોર્મિંગ"ની વિષમ પરિસ્થિતિ ઉભી થતાં સામાન્ય જનજીવન ગંભીર રીતે પ્રભાવિત થઈ રહ્યું છે.

સમગ્ર વિશ્વમાં 'ગ્લોબલ વોર્મિંગ"ની વિઘાતક અસર થઈ રહી છે ત્યારે, શહેરીજનોમાં તાપી નદીને સ્વચ્છ રાખવા તથા પર્યાવરણની જાળવણી અને તેને લગતા વિષયો બાબતે જાણકારી વધે તે હેતુસર સુરત મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૧૮ દરમ્યાન "ઈકો ફ્રેન્ડલી શ્રી ગણેશજીની પ્રતિમા"નું સ્થાપન અને વિસર્જન અભિયાન શરૂ કરવામાં આવ્યું. તા.૧૩/૦૯/૨૦૧૮ થી તા.૨૩/૦૯/૨૦૧૮ સુધી યોજાયેલ ગણેશોત્સવ દરમ્યાન સુરત મહાનગરપાલિકાના પર્યવરણ સંરક્ષણ અને જનજાગૃતિ અભિયાન "સ્વચ્છ સુરત પ્રસન્ન ગણેશ" સુત્રને સાર્થક કરવા "ઈકો ફ્રેન્ડલી શ્રી ગણેશજીની પ્રતિમા"નું સ્થાપન અને વિસર્જન કરવાના ભગીરથ કાર્યમાં શહેરના નગરજનોએ માટીની પ્રતિમાઓનું ઘર આંગણે તથા સુ.મ.પા.એ બનાવેલ ૨૨ જેટલા કૃત્રિમ તળાવોમાં વિધ્નહર્તા મૂર્તિઓનું વિસર્જન કરાવ્યું હતું. સુરત મહાનગરપાલિકા દ્વારા "ઈકો ફ્રેન્ડલી શ્રી ગણેશજી પ્રતિમા વિસર્જન" અભિયાનમાં ભાગ લેવા સમાચારયાદી નં.૪૫૩, તા.૧૫/૦૯/૨૦૧૮ અને નં.પી.આર.ઓ./૩૫૦, તા.૧૫/૦૯/૨૦૧૮ના રોજ જાહેરાતથી અપીલ કરી નિયત ભરેલ ફોર્મ, ફોટો અને વિડીયો સુરત મહાનગરપાલિકાના ઈ–મેઈલ આઈડી– culturaldepartment@suratmunicipal.org પર મંગાવવામાં આવ્યા હતા.

સુરત શહેરની ધરોહર અને શહેરને સદૈવ સમૃધ્ધ રાખનારી પુણ્ય સલિલા સૂર્યપુત્રી તાપીને પ્રદૂષિત થતી અટકાવવાના સુરત મહાનગરપાલિકાના "સ્વચ્છ સુરત પ્રસન્ન ગણેશ" સુત્રને સાર્થક કરવા "ઈકો ફ્રેન્ડલી શ્રી ગણેશજીની પ્રતિમા"નું સ્થાપન અને વિસર્જન અભિયાનમાં વિશિષ્ટ અને પ્રશંસનીય સહયોગ આપેલ અને નિયત સમયમાં રજીસ્ટર્ડ થયેલ પ્રબુધ્ધ નગરજનોને સુરત મહાનગરપાલિકા દ્વારા

તા.૦૮/૦૭/૨૦૧૯ના રોજ સવારે ગાંધી સ્મૃતિ ભવન, નાનપુરા, સુરત ખાતે પ્રશંસાપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવનાર છે. જેથી "ઈકો ફ્રેન્ડલી શ્રી ગણેશજીની પ્રતિમા" વિસર્જન અભિયાનમાં વિશિષ્ટ અને પ્રશંસનીય સહયોગ આપેલ અને નિયત સમયમાં રજીસ્ટર્ડ થયેલ સોસાયટી / મંડળના પ્રતિનિધિઓએ સવારે ૧૦.૩૦ કલાકે ગાંધી સ્મૃતિ ભવન ખાતે ઉપસ્થિત રહી ટોકન નંબર મેળવી લેવા જણાવવામાં આવે છે.

સમાચારયાદી નં.૨૨૮ , તા.૦૪/૦૭/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# <u>પ્રે સ નો ટ</u>

સવિનય, ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારમાં આવેલ હોસ્પીટલોની નીચે જણાવેલ કુલ–૨૧ કેન્ટીનોની તા.૦૪/૦૭/૨૦૧૯નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા સ્થળતપાસ કરી સંસ્થાઓમાંથી કુલ–૨૩ નમૂનાઓ લેવામાં આવેલ છે તેમજ કુલ–૧૮ સંસ્થાઓમાં આરોગ્યલક્ષી ખામી જણાતા આરોગ્યલક્ષી સુચના તથા નોટીસ આપવામાં આવેલ છે. વધુમાં કુલ–૩ સંસ્થાઓમાં ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ અન્વયેના રજીષ્ટ્રેશન/લાયસન્સ ન હોવાથી સંસ્થાઓ બંધ કરાવેલ છે.

| અ.નં. | સંસ્થાનુ નામ | સરનામુ | રીમાકર્સ |
|---|---|---|---|
| ૧. | પ્રેમવતી ચેરીટીટેબલ ટ્રસ્ટ | બી.એ.પી.એસ.પ્રમુખ સ્વામી હોસ્પીટલ, અડાજણ રોડ, સુરત. | નોટીસ આપી. |
| ૨. | શિલ્પા હોસ્પીટાલીટી સર્વિસીસ | શેલ્બી હોસ્પીટલ, રાંદેર રોડ, સુરત. | નોટીસ આપી. |
| ૩. | વીનસ હોસ્પીટલ | રામપુરા, સુરત. | નોટીસ આપી. |
| ૪. | અશકતા આશ્રમ કેનટીન | રામપુરા, સુરત. | નોટીસ આપી.<br>બંધ કરાવેલ છે. |
| ૫. | આયુષ કેન્ટીન | આયુષ ડોકટર હાઉસ, સગરામપુરા, સુરત. | નોટીસ આપી.<br>બંધ કરાવેલ છે. |
| ૬. | બુરહાની હોસ્પીટલ કેન્ટીન | મહિધરપુરા, સુરત. | નોટીસ આપી. |
| ૭. | પાટીલ કેટરર્સ | નિર્મલ હોસ્પીટલ, સગરામપુરા, સુરત. | નોટીસ આપી. |
| ૮. | નિર્મલ હોસ્પીટલ કેન્ટીન(ગ્રા.ફ.) | નિર્મલ હોસ્પીટલ, સગરામપુરા, સુરત. | નોટીસ આપી. |
| ૯. | મહાવીર કેન્ટીન–૧ | મહાવીર હોસ્પીટલ, ટીમલીયાવાડ, સુરત. | –– |
| ૧૦. | મહાવીર કેન્ટીન હોસ્પીટલ | મહાવીર હોસ્પીટલ, ટીમલીયાવાડ, સુરત. | –– |
| ૧૧. | સમસ્ત પાટીદાર આરોગ્ય ટ્રસ્ટ | સુમુલ ડેરી પાસે, કિરણ હોસ્પીટલ, કતારગામ, સુરત. | –– |
| ૧૨. | પ્રાણનાથ હોસ્પીટલ | વેડ રોડ, સુરત. | નોટીસ આપી. |
| ૧૩. | એપલ હોસ્પીટલ | ઉધના દરવાજા, સુરત. | નોટીસ આપી. |
| ૧૪ | આઈ.એન.એસ.હોસ્પીટલ | વેલેન્ટીનો બિલ્ડીંગ, ઉધના, સુરત. | નોટીસ આપી. |

| | | | |
|---|---|---|---|
| ૧૫. | ફુડ સ્ટોકસ કેટરીંગ એન્ડ હોસ્પીટાલીટી | ટ્રાઈસ્ટાર હોસ્પીટલ–૨, ગજજરવાડી, અઠવાલાઈન્સ, સુરત. | નોટીસ આપી. |
| ૧૬. | શિલ્પા હોસ્પીટાલીટી સવિસીસ | મેટાસ એડવેન્ટીસ હોસ્પીટલ, અઠવાલાઈન્સ, સુરત. | નોટીસ આપી. |
| ૧૭. | ડીસેબલ વેલ્ફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડીયા | બેકર્સ હોસ્પીટલ, પીપલોદ, સુરત. | નોટીસ આપી. |
| ૧૮. | પાટીલ કેટરર્સ | સનશાઈન ગ્લોબલ હોસ્પીટલ, ડુમસ રોડ, સુરત. | નોટીસ આપી. |
| ૧૯. | શ્રી સાંઈ હોસ્પીટાલીટી ઈવેન્ટ એન્ડ કેટરર્સ | યુનીકેર હાર્ટ એન્ડ રીસર્ચ સેન્ટર, મજુરા, સુરત. | નોટીસ આપી.<br>બંધ કરાવેલ છે. |
| ૨૦. | ગર્વમેન્ટ મેડીકલ કોલેજ કેન્ટીન | મજુરા ગેટ, સુરત. | નોટીસ આપી. |
| ૨૧. | યુનીટી હોસ્પીટલ કેન્ટીન | આઈ માતા રોડ, સુરત. | નોટીસ આપી. |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર પાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.૨૨૯
તા.૦૪/૦૭/૨૦૧૯

# પ્રેસ નોટ

.........................

## માહે જુન ૨૦૧૯ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.

સ્મીમેર હોસ્પીટલમાં માહે **જુન ૨૦૧૯** દરમ્યાન **૪૬૨૦** ઈન્ડોર તથા **૫૦૯૯૪** આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. **૫૬૫૪** નાના તથા **૭૩૩** મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. **૧૩૮૪૧** એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા **૧૪૯૩** અને જુના **૧૬૭૨** દર્દીઓ સહીત કુલ **૩૧૬૫** દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ **૧૩૭૦** દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ **૧૩૩૯** તથા આંખ વિભાગમાં **૨૫૦૦** આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી વિભાગમાં કુલ **૧૮૯૨૪** દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

પ્રતિ,
જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગર પાલિકા તરફથી સાદર.
સમાચાર યાદી નં.૨૩૦
તા.૦૬/૦૭/૧૯

:: પ્રેસનોટ ::

"સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૭મી અને પાંચમી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા"

વિષય : સુરત મહાનગરપાલિકા આયોજીત "૪૭મી અને પાંચમી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા" બાબત.

સુરત મહાનગરપાલિકા દ્વારા સાહિત્ય અને કલાનગરી તરીકે જાણીતા સુરત શહેરના કલાકારોને અને રંગભૂમિને પ્રોત્સાહિત કરી તેઓ રાજયકક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ નાટ્યક્ષેત્રે પોતાનું આગવું સ્થાન મેળવે તેવા ઉમદા હેતુસર વર્ષ ૧૯૬૯થી નાટ્ય સ્પર્ધાનું સફળતાપૂર્વક આયોજન થઈ રહ્યું છે. સુરત મહાનગરપાલિકાની ૪૭મી અને પાંચમી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધામાં સુરત શહેરની નાટ્ય સંસ્થાઓ અને કલાકારો ભાગ લઈ શકે તે માટેના પ્રવેશપત્રો સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ ખાતે તા.૨૦/૦૬/૨૦૧૯ થી તા.૦૬/૦૭/૨૦૧૯ સુધી ઉપલબ્ધ હતા. ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in પર પણ ભાગ લેવા અંગેની પ્રેસનોટ, નિયમો અને પ્રવેશ ફોર્મ મૂકવામાં આવ્યા હતા. જેના પ્રવેશ ફોર્મ સ્વીકારવાની અંતિમ તારીખ ૦૬/૦૭/૨૦૧૯ સુધીમાં નીચે મુજબની કુલ– ૧૫ નાટ્ય સંસ્થાઓના પ્રવેશ ફોર્મ મળેલ છે.

| ક્રમ | નાટ્ય સંસ્થાનું નામ | નાટકનું નામ | દિગ્દર્શકનું નામ |
|---|---|---|---|
| ૧ | બી.આર.પ્રોડકશન | ફેરા ફરીને ફસાયા | વિશ્વદીપસિંહ ઠાકોર |
| ૨ | દિપ આર્ટસ્ | સરનામા વિનાનું ઘર | જય દિ. દીક્ષિત |
| ૩ | રાજગ્રુપ થિયેટર એન્ડ પરફોર્મિંગ આર્ટસ | વિઠ્ઠલા | રાજેશ પાન્ડેય |
| ૪ | રંગ કર્મી | પત્નીદાન | નરેશ કાપડીયા |
| ૫ | મંથન થીએટર્સ | અદાલત ૨૪×૭ | પંકજ પાઠકજી |
| ૬ | થિયેટર ઓફ જનરેશન નેકસ્ટ | નિમીત કમ બેક સુન | રિષીત ઝવેરી |
| ૭ | સાન્વી પ્રોડકશન | મ્યુઝીકલી યોર્સ | વિશ્વા જરીવાળા |
| ૮ | આવારા થીયેટર | અભય | સૈયદ મો.અઝહરૂદ્દીન |
| ૯ | કે.ડી.એન્ટરટેઈનર્સ | ટાઈમ પ્લીઝ | કપિલદેવ શુકલ |
| ૧૦ | સ્પર્શ | પગલા ઘોડા | પ્રાર્થના રેલ્વેવાલા |
| ૧૧ | ફોરમ આર્ટસ | મૂળરાજ મેન્શન | વૈભવ દેસાઈ |
| ૧૨ | સમાંતર થીયેટર | પળ પળ વમળ | કેતન રાઠોડ |
| ૧૩ | રંગપૂજા થીયેટર્સ | અંતનો આરંભ | યજત્ર ભટ્ટ / કૃણાલ પારેખ |
| ૧૪ | અતરંગ | સપ્રેમ ભેટ | વત્સલ શેઠ |
| ૧૫ | સીલ્યુએટ થીએટર્સ | કુમારની અગાશી | દેવાંગ જાગીરદાર |

નાટ્ય સ્પર્ધામાં નાટકના ક્રમ નક્કી કરવા ભાગ લેનાર તમામ નાટ્ય સંસ્થાઓની એક મીટીંગ તા.૧૬/૦૭/૨૦૧૯ને મંગળવારના રોજ સવારે ૧૧.૩૦ કલાકે નવા સ્ટેંડિંગ કમિટી રૂમ,

નવી એનેક્ષી બિલ્ડીંગ, ત્રીજો માળ, મહાનગર સેવાસદન, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત ખાતે  રાખવામાં આવેલ છે. ભાગ લેનાર નાટ્ય સંસ્થાઓએ તમામ વિગતો સાથે મીટીંગના સ્થળે સમયસર હાજર રહેવા નોંધ લેવી.

**સમાચારયાદી નં.૨૩૧,  તા.૦૬/૦૭/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.**

232

**:: પ્રેસનોટ ::**

''સુરત મહાનગરપાલિકા આયોજીત વર્ષાગીત સ્પર્ધા''

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૦/૦૭/૨૦૧૯ના રોજ ખટોદરા કોમ્યુનિટી હોલ ખાતે આયોજીત વર્ષાગીત સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા દ્વારા વર્ષાના આગમનને વધાવવા તા.૧૦/૦૭/૨૦૧૯ને બુધવારના રોજ **સવારે ૧૦.૦૦ કલાકે માધ્યમિક વિભાગ**ની અને બપોરે **૧૨.૦૦ કલાકે પ્રાથમિક વિભાગ**ની વર્ષાગીત સ્પર્ધાનું આયોજન **ખટોદરા કોમ્યુનિટી હોલ, ખટોદરા હેલ્થ સેન્ટરની સામે, ખટોદરા, ઉધના, સુરત** ખાતે કરવામાં આવેલ છે. જેમાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને નિમંત્રણ છે. આ વર્ષાગીત સ્પર્ધામાં અગાઉથી રજીસ્ટ્રેશન કરાવેલ શાળાઓ જ ભાગ લઈ શકશે.

સમાચારયાદી નં.૨૩૨, તા.૦૮/૦૭/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

:: પ્રેસનોટ ::

વિષય : સુરત મહાનગરપાલિકા આયોજીત નેશનલ ફોટોગ્રાફી કોમ્પીટીશન ફોટોગ્રાફી પ્રદર્શન–ઈનામ વિતરણ, વિશ્વ પર્યાવરણ દિન ઉજવણી અંતર્ગત યોજાયેલ વકતૃત્વ અને શોર્ટ ફિલ્મ મેકીંગ કોમ્ટીશન–ઈનામ વિતરણ તથા "ઈકો ફ્રેન્ડલી શ્રી ગણેશજી વિસર્જન" અભિયાનના સહયોગીઓના સન્માન સમારોહ બાબત.

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૮/૦૭/૨૦૧૯ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે ઐતિહાસિક કિલ્લા, ચોક બજાર, સુરત ખાતેની આર્ટ ગેલેરી કમ એક્ઝીબીશન હોલમાં નેશનલ ફોટોગ્રાફી કોમ્પીટીશન–૨૦૧૯ની ફોટોગ્રાફીનું પ્રદર્શન, સવારે ૧૧.૦૦ કલાકે ગાંધી સ્મૃતિ ભવન, નાનપુરા ખાતે નેશનલ ફોટોગ્રાફી કોમ્પીટીશન, વિશ્વ પર્યાવરણ દિન ઉજવણી અંતર્ગત યોજાયેલ વકતૃત્વ અને શોર્ટ ફિલ્મ મેકીંગ કોમ્ટીશનના વિજેતાઓનો ઈનામ વિતરણ તથા વર્ષ ૨૦૧૮માં "ઈકો ફ્રેન્ડલી શ્રી ગણેશજી વિસર્જન" અભિયાનના સહયોગીઓના સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો.

સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૫મી જાન્યુઆરી, ૨૦૧૯ થી ૩૧મી માર્ચ ૨૦૧૯ સુધી સુરત ચોકબજાર સ્થિત ઐતિહાસિક કિલ્લાની નેશનલ ફોટોગ્રાફી કોમ્પીટીશન–૨૦૧૯ યોજાઈ હતી. ૧૮ થી ૩૦ વર્ષ અને ૩૦ વર્ષથી વધુ વયના બે વિભાગમાં બ્લેક એન્ડ વ્હાઈટ તથા કલર ફોટોગ્રાફીમાં યોજાયેલ આ કોમ્પીટીશનમાં ૬૮ સ્પર્ધક ફોટોગ્રાફરોના કિલ્લાના (તુઘલક સમયકાળ અને સલ્તનત કાળ દરમ્યાન બનેલ વોલ્ટ રૂમ, બુર્જ, ડચરૂમ, બ્રિટીશ રૂમ, કોર્ટ રૂમ અને ટી રૂમ) મળેલ ૫૩૦ ફોટોગ્રાફનું તા.૦૮/૦૭/૨૦૧૯ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે કિલ્લાની આર્ટ ગેલેરી કમ એક્ઝીબીશન હોલમાં ડે.મેયરશ્રી નિરવભાઈ શાહએ સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી અનિલભાઈ ગોપલાણી, મ્યુનિ.કમિશનરશ્રી એમ.થેન્નારાસન, શાસકપક્ષના નેતા શ્રી ગિરિજાશંકર મિશ્રા, શાસકપક્ષ દંડક શ્રીમતી દક્ષાબેન જરીવાળા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિ.સભ્યશ્રીઓની ઉપસ્થિતિમાં પ્રદર્શન ખુલ્લું મુકવામાં આવ્યું હતું. જેનું તા.૮ થી ૨૪ જુલાઈ, ૨૦૧૯ દરમ્યાન સોમવાર સિવાય સવારે ૧૦ કલાકથી સાંજે ૫ કલાક દરમ્યાન જાહેરજનતા વિનામૂલ્યે નિદર્શન કરી શકશે. નિર્ણાયક શ્રી સૌરભભાઈ દેસાઈ–સુરત, શ્રી વિવેકભાઈ દેસાઈ–અમદાવાદ અને શ્રી મહેન્દ્રભાઈ પરીખ–મુંબઈએ ફોટોગ્રાફી નિહાળી વિજેતા નકકી કરવામાં આવ્યા હતા. કલર ફોટોગ્રાફીના પ્રથમ વિજેતાને ₹૧,૦૦,૦૦૦/– દ્વિતીય વિજેતાને ₹૭૫,૦૦૦/– અને તૃતીય વિજેતાને ₹૫૧,૦૦૦/–નો અને બ્લેક એન્ડ વ્હાઈટ ફોટોગ્રાફીના પ્રથમ વિજેતાને ₹૫૦,૦૦૦ /– દ્વિતીય વિજેતાને ₹૩૧,૦૦૦ /– અને તૃતીય વિજેતાને ₹ ૧૫,૦૦૦/–નો રોકડ પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

| વિજેતા ક્રમ | ૧૮ થી ૩૦ વર્ષ | | ૩૦ વર્ષથી વધુ | |
|---|---|---|---|---|
| | બ્લેક એન્ડ વ્હાઈટ | કલર | બ્લેક એન્ડ વ્હાઈટ | કલર |
| પ્રથમ | પાર્થ જગદીશભાઈ પટેલ | શિવાંગી સોસા | પટેલ અંકિત આર. | સુસ્મીતા ભટ્ટાચાર્ય |
| દ્વિતિય | પટેલ રિતેશકુમાર એમ. | કાર્તિક મોર | ચૌહાણ મનિષકુમાર | નિયતી વાઘેલા |
| તૃતિય | જૈમિન એન.શાહ | ધવન ગાડીવાલા | પટેલ પિયુષ હરીભાઈ | સિધ્ધાર્થ રાઠોડ |

તા.૦૮/૦૭/૨૦૧૯ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ગાંધી સ્મૃતિ ભવન ખાતે નેશનલ ફોટોગ્રાફી કોમ્પીટીશન, વિશ્વ પર્યાવરણ દિન ઉજવણી અંતર્ગત યોજાયેલ વકતૃત્વ અને શોર્ટ ફિલ્મ મેકીંગ કોમ્ટીશનના વિજેતાઓનો ઈનામ વિતરણ તથા વર્ષ ૨૦૧૮માં "ઈકો ફ્રેન્ડલી શ્રી ગણેશજી વિસર્જન" અભિયાનના સહયોગીઓના સન્માન સમારોહમાં

સૌ પ્રથમ 'જળ બચાવો, તાપી બચાવો, વૃક્ષ ઉગાડો' પર્યાવરણ સંરક્ષણ અંગે લોકજાગૃતિ અર્થે નાટક રજૂ થયું હતું. ત્યારબાદ શાસક્ષ પક્ષ નેતાશ્રી ગિરીજાશંકર મિશ્રાએ ઉપસ્થિત તમામને આવકાર્યા હતા. સુરત શહેર ગણેશ ઉત્સવ સમિતિના અધ્યક્ષશ્રીની નાદુરસ્ત તબિયતના કારણે ઉપસ્થિત રહેલા ઉપ પ્રમુખશ્રી મહંત લક્ષ્મણજયોતીએ વર્ષ ૨૦૧૮માં પર્યવરણ સંરક્ષણ અને જનજાગૃતિ અભિયાન "સ્વચ્છ સુરત પ્રસન્ન ગણેશ" સુત્રને સાર્થક કરવા "ઈકો ફ્રેન્ડલી શ્રી ગણેશજીની પ્રતિમા"નું સ્થાપન અને વિસર્જન કરવાના ભગીરથ કાર્યની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે, હવે પછીના ગણેશ ઉત્સવ દરમ્યાન શ્રી ગણેશજીની માટી અથવા પંચ ધાતુની પ્રતિમાનું વિધિવત સ્થાપન કરી સુરત મહાનગરપાલિકાના આ અભિયાનમાં તમામ ગણેશ મંડળોએ સામેલ થઈ આ વિઘ્નહર્તાની ગરિમા જળવાય તે રીતે પ્રતિમાઓની જાળવણી અને વિસર્જન કરવાની અપીલ કરી હતી. ડે.મેયરશ્રી નિરવભાઈ શાહએ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે, સુરત શહેરમાં વર્ષોથી ગણેશ ઉત્સવ દરમ્યાન શ્રી ગણેશજીની પ્રતિમાનું વિધિવત સ્થાપન કરી ખૂબ શ્રધ્ધા અને ભકિતભાવ પૂર્વક શ્રી ગણેશજીની પૂજા–અર્ચના કરી આ વિઘ્નહર્તાની પ્રતિમાઓનું તાપી નદી, તળાવ, સમુદ્ર જેવા જળાશયોમાં વિસર્જન કરવામાં આવે છે. છેલ્લા ઘણા વર્ષોથી માટી ઉપરાંત પી.ઓ.પી., કેમીકલ યુકત રંગો તથા અન્ય હાનિકારક મટીરીયલમાંથી બનતી વિશાળકાય શ્રી ગણેશજીની પ્રતિમાઓનું તાપી નદીમાં અપુરતું પાણી તથા પ્રતિમાઓની સંખ્યા ખૂબ વધી ગઈ હોવાથી શ્રી ગણેશજીની પ્રતિમાઓનું યોગ્ય રીતે વિસર્જન થઈ શકતું નથી. તથા ઘણીવાર વિસર્જનના બીજા દિવસે આ પ્રતિમાઓ ક્ષોભજનક સ્થિતિમાં જોવા મળતાં શ્રધ્ધાળુઓની ધાર્મિક લાગણી પણ દુભાય છે. જે સંદર્ભે પર્યાવરણ અને સંલગ્ન વિભાગો તથા અદાલતોના દિશા નિર્દેશન હેઠળ સુરત મહાનગરપાલિકાના પર્યવરણ સંરક્ષણ અને જનજાગૃતિ અભિયાન "સ્વચ્છ સુરત પ્રસન્ન ગણેશ" સુત્રને સાર્થક કરવા "ઈકો ફ્રેન્ડલી શ્રી ગણેશજીની પ્રતિમા"નું સ્થાપન અને વિસર્જન કરવાના ભગીરથ કાર્યને શહેરના નગરજનોએ સહર્ષ સ્વીકારી માટીની પ્રતિમાઓનું ઘર આંગણે તથા સુ.મ.પા.એ બનાવેલ ૨૨ જેટલા કૃત્રિમ તળાવોમાં વિઘ્નહર્તા મૂર્તિઓનું વિસર્જન કરાવી પુરતો સહયોગ આપ્યો હતો. અને આવનારા સમયમાં પણ આ રીતે સહયોગ મળતો રહે તેવી અપીલ કરી હતી. ત્યારબાદ નેશનલ ફોટોગ્રાફી કોમ્પીટીશન–૨૦૧૯ના વિજેતાઓ, વિશ્વ પર્યાવરણ દિન ઉજવણી અંતર્ગત યોજાયેલ વકતૃત્વ અને શોર્ટ ફિલ્મ મેકીંગ કોમ્પીટીશનના વિજેતાઓને રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર તથા "ઈકો ફ્રેન્ડલી શ્રી ગણેશજીની પ્રતિમા" વિસર્જન અભિયાનમાં વિશિષ્ટ અને પ્રશંસનીય સહયોગ આપેલ અને નિયત સમયમાં રજીસ્ટર્ડ થયેલ સોસાયટી / મંડળના પ્રતિનિધિઓનેપ્રશંસાપત્ર એનાયત કરી નવાજવામાં આવ્યાં હતા. અંતે સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતિ રશ્મિકાબેન પટેલએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા બદલ તમામનો આભાર માની કાર્યક્રમની પૂર્ણાહુતી કરી હતી.

આ સમગ્ર કાર્યક્રમમાં ડે.મેયરશ્રી નિરવભાઈ શાહએ સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી અનિલભાઈ ગોપલાણી, મ્યુનિ.કમિશનરશ્રી એમ.થેન્નારાસન, શાસકપક્ષના નેતા શ્રી ગિરિજાશંકર મિશ્રા, શાસકપક્ષ દંડક શ્રીમતી દક્ષાબેન જરીવાળા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિ.સભ્યશ્રીઓ, મ્યુનિ.અધિકારીશ્રીઓ, નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્પર્ધાના વિજેતાઓ અને "ઈકો ફ્રેન્ડલી શ્રી ગણેશજી વિસર્જન" અભિયાનના સહયોગીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સમાચારયાદી નં. ૨૩૩ , તા.૦૮/૦૭/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.




સુરત મહાનગરપાલિકા
આયોજીત
સુરત મહાનગરપાલિકા
"નેશનલ ફોટોગ્રાફી કોમ્પીટીશન-૨૦૧૯"
સુરત જિલ્લો




ઈનામ વિતરણ સમારોહ

# :: પ્રેસનોટ ::

## "સુર્યપુત્રી તાપી માતા જન્મદિન ઉજવણી"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા અષાઢ સુદ સાતમ સુર્યપુત્રી તાપી નદીના જન્મદિનની ઉજવણી નિમિત્તે તા.૦૮/૦૭/૨૦૧૯ના રોજ યોજાયેલ તાપીમાતાની આરાધના કાર્યક્રમ

ધરતી પરની સૌથી પૌરાણિક અને સુરત શહેરની ધરોહર એવી સુર્યપુત્રી તાપી નદીના જન્મદિનની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા અષાઢ સુદ સાતમ તા.૦૮/૦૭/૨૦૧૯ને સોમવારના રોજ સાંજે ૬.૩૦ કલાકે નાવડી ઓવારા, નાનપુરા, સુરત ખાતે મંગલદીપ પ્રગટાવી, તાપીમાતાની આરાધનાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. "ગંગા સ્નાને, યમુના પાને, નર્મદા દર્શને, તાપી સ્મરણે" આ પંકિતમાં તાપી માતાનું મહાત્મય વર્ણવતા કહ્યું છે કે, ગંગા નદીમાં સ્નાન, યમુનાના જળનું આચમન, અને નર્મદાના દર્શનથી જે પુણ્ય પ્રાપ્ત થાય છે, તે પુણ્ય તાપીમાતાના સ્મરણ માત્રથી પ્રાપ્ત થાય છે. નદી એ માનવજાતને પાળતી પોષતી, સમૃધ્ધ કરતી અને સંસ્કૃતિનું સર્જન કરતી હોવાથી તેને માતાનો દરજજો મળ્યો છે. મધ્યપ્રદેશ સ્થિત સાતપુડા પર્વતમાળામાં બૈતુલ જિલ્લાના મૂલતાઈ નામના ગામ પાસેથી નીકળી સુરત શહેરના કિનારેથી અરબી સમુદ્રમાં વિલીન થતી અને સુરત શહેરને સદૈવ સમૃદ્ધ રાખનારી પુણ્ય સલિલા તાપી મૈયાના જન્મદિને ડે.મેયરશ્રી નિરવભાઈ શાહ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી અનિલભાઈ ગોપલાણી, મ્યુનિ.કમિશનરશ્રી એમ.થેન્નારાસન આઈ.એ.એસ, શાસકપક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ, તથા વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ અને ઉપસ્થિત નગરજનોના સાનિધ્યમાં સુરત શહેર માટે કલ્યાણકારી ભવિષ્યની વાંચ્છના સાથે દીપ પ્રગટાવી તાપી માતાની આરતી ઉતારી હતી. વૈદિક મંત્રોચ્ચાર સહ પૂજા અર્ચના કરી સુરતના વિકાસની નવી ઊંચાઈઓ પાર કરવા તાપી માતાના આશિષ વરસતા રહેશે તેવી પ્રાર્થના કરી હતી.

સમાચારયાદી નં.૨૩૪, તા.૦૮/૦૭/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

 



# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

## <u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત</u> :–

સેન્ટ્રલ ઝોનના ડે. કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ નીચે મુજબની મિલ્કતમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની કામગીરી કરવામાં આવેલ છે : –

(૧) સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૩, નોંધ નં.૩૨૧૯/બી, વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા ભોંયતળીયા + પાંચ માળ મંજુર કરવામાં આવેલ. મિલ્કતદાર ધ્વારા મંજુર પ્લાન વિરૂધ્ધ કરેલ ગેરકાયદેસર બાંધકામ અત્રેથી તા.૦૬/૦૭/૧૯ અને તા.૦૮/૦૭/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત ભોંયતળીયા + પાંચ માળ સુધી કવર્ડ કરેલ માજીન આશરે ૬૬૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ દુર કરવામાં આવેલ છે. તેમજ ડીમોલીશન પેટે રૂા.૨૫,૦૦૦/– વહીવટી ચાર્જ (ડીમોલીશન પેટે) વસુલ લેવામાં આવેલ છે.

(૨) સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૧૧, નોંધ નં.૧૩૦૭ પૈકી, ૧૩૦૮/અ, ૧૩૦૮/બ, ૧૩૦૯ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા ભોંયતળીયા + ચાર માળ + પાંચમો માળ (પાર્ટ) મંજુર કરવામાં આવેલ. મિલ્કતદાર ધ્વારા મંજુર પ્લાન વિરૂધ્ધ ગેરકાયદેસર બાંધકામ કરતા અત્રેથી તા.૦૯/૦૭/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત મંજુર પ્લાન વિરૂધ્ધ ભોંયતળીયાનો આર.સી.સી. સ્લેબ આશરે ૭૦૦ ચો.ફુટ દુર કરવામાં આવેલ છે. તેમજ ડીમોલીશન પેટે રૂા.૫૦,૦૦૦/– વહીવટી ચાર્જ (ડીમોલીશન પેટે) વસુલ લેવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૨૩૫
તા.૦૯/૦૭/૨૦૧૯

44

## :: પ્રેસનોટ ::

### "સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાયેલ વર્ષાગીત સ્પર્ધા"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૦/૦૭/૨૦૧૯ ના રોજ ખટોદરા કોમ્યુનિટી હોલ ખાતે યોજાયેલ વર્ષાગીત સ્પર્ધા

ભારતીય લોકસંસ્કૃતિ અને વૈવિધ્યસભર સાંસ્કૃતિક વિરાસતના જતન કરવાના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ભારત જેવા કૃષિપ્રધાન દેશમાં વરસાદની મહત્તાને ઉજાગર કરવા અને વરસાદના આગમનને વધાવવા સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૦/૦૭/૨૦૧૯ ને બુધવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે માધ્યમિક વિભાગ અને બપોરે ૧૨.૦૦ કલાકે પ્રાથમિક વિભાગની વર્ષાગીત સ્પર્ધા ખટોદરા કોમ્યુનિટી હોલ, ખટોદરા હેલ્થ સેન્ટરની સામે, ખટોદરા, ઉધના, સુરત ખાતે યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ અને દંડક શ્રીમતી દક્ષાબેન જરીવાળા તથા અન્ય મહાનુભાવો હાજર રહયા હતા. આ સ્પર્ધામાં પ્રાથમિક વિભાગમાં શહેરની ખાનગી અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ તથા માધ્યમિક વિભાગ મળી કુલ ૪૨ થી પણ વધુ શાળાઓના અંદાજીત ૨૫૦ બાળકોએ ભાગ લઈ પૂરી તન્મયતાથી વર્ષાગીતો રજૂ કરી ઉપસ્થિત શ્રોતાઓના મન મોહી લીધાં હતાં. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ જાહેર થયું હતું.

| વિજેતા ક્રમ | પ્રાથમિક વિભાગ | માધ્યમિક વિભાગ |
|---|---|---|
| પ્રથમ | શ્રીમતી એસ.એચ.ગજેરા વિદ્યાભવન | આર.એસ.એમ. પુણાવાલા એકસપેરિમેન્ટલ |
| દ્વિતીય | કૌશલ વિદ્યાભવન | પી.પી. સવાણી વિદ્યાભવન |
| તૃતીય | શારદાયતન સ્કુલ<br>શારદાનિકેતન પ્રા.શાળા | શારદાયતન સ્કુલ, પીપલોદ |
| આશ્વાસન વિજેતા | કે.એસ. જોષી ગર્લ્સ સ્કુલ | કર્મવીર સાંકળ ચંદકાળીદાસ માધ્યમિક વિદ્યાલય |
| | શ્રીમતી જે.ડી.ડી. શાળા પ્રા. શાળા | સુમન હાઈસ્કુલ નં.૩ |
| | ડો. કે. એસ. ઠાકર કન્યા શાળા | એસ.પી. હાઈસ્કુલ |
| | શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ સ્કુલ | |
| | એચ.પી. દેસાઈ પ્રા. વિદ્યાલય | |
| | વી.એફ. શાહ પ્રા.શાળા | |

વર્ષાગીત સ્પર્ધાના વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ, ઉપસ્થિત મહાનુભવો તથા નિર્ણાયકશ્રીઓના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરી સન્માનવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સ્મૃતિભેટ તથા પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે શિક્ષકો, વાલીઓ, વિદ્યાર્થીઓ તથા પ્રેસ મીડિયાના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વર્ષાગીતોને ભાવસભર માણ્યાં હતાં.

સમાચારયાદી નં. , તા.૧૦/૦૭/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.


સુરત મહાનગરપાલિકા



# **પ્રેસનોટ**

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

## **ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત** :–

સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૧૨, નોંધ નં.૩૪૬–અ,૩૪૬–બ,૩૪૭, હકીમચીચીની સામે વાળી મિલ્કતમાં મિલ્કતદાર ધ્વારા સુરત મહાનગરપાલિકાથી ભોયતળિયા + પાંચ માળનો પ્લાન મંજુર કરવામાં આવેલ. જેમા પાંચમા માળે ઓપન ટેરેસ, ઓ.ટી.એસ. અને માર્જીન કવર્ડ કરેલ. જે આજે તા.૧૦/૦૭/૧૯ ના રોજ શહેર વિકાસ વિભાગ તથા દબાણ ખાતાનાં સ્ટાફ ધ્વારા સુરત મહાનગરપાલિકાનાં સિકયુરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત કુલ ૭૫૦ ચો.ફુટ ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ. અત્રે ઉલ્લેખનીય છે કે સદર મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા હસ્તક મંજુર કરાયેલ પ્લાનો વિરુધ્ધ કરેલ ગેરકાયદેસર બાંધકામનું તા.૧૬/૦૪/૧૯ નાં રોજ ડિમોલીશન કરવામાં આવેલ. પરંતુ ત્યારબાદ મિલ્કતદારો ધ્વારા ફરી ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવતા આજરોજ ફરી ડિમોલીશન કરવામાં આવેલ. તેમજ ડીમોલીશન પેટે રૂા.૫૦,૦૦૦/– વહીવટી ચાર્જ (ડીમોલીશન પેટે) વસુલ લેવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૨૩૭
તા.૧૦/૦૭/૨૦૧૯

# સુરત મહાનગરપાલિકા
## પ્રેસ નોટ

સુરત મેટ્રોની મીટીંગ આજરોજ ગાંધીનગર ખાતે મુખ્ય સચિવ શ્રી મુકેશ પુરીના અધ્યક્ષ સ્થાને મળી હતી જે મીટીંગમાં ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશનના અધિકારીઓ તથા મ્યુ. કમિશનરશ્રી ઉપસ્થિત રહ્યા હતા. જેમાં નક્કી થયા મુજબ ગુજરાત સરકાર દ્વારા સુરત મ્યુ. કમિશનરશ્રીની સુરત મેટ્રો રેલ કોર્પોરેશનના " મેનેજીંગ ડીરેક્ટર" તરીકે કરવામાં આવેલ છે. હવેથી દર અઠવાડીયે મેટ્રો રેલ ની મીટીંગ સુરત ખાતે મળશે અને તેમા દરેક ઈસ્યુની ચર્ચા વિચારણા કરવામાં આવશે અને તેને માટે તાકીદે નવા સ્ટાફની નિમણુંક કરવામાં આવશે.

પ્રથમ ફેઝમાં " સુરત ડ્રીમ સીટી થી કાદરશા ની નાળ" ની મેટ્રોની કામગીરી હાથ ધરવાની રહેશે.

# પ્રે સ નો ટ

સવિનય, ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારમાં આવેલ નીચે જણાવેલ સંસ્થાઓની તા.૧૦/૦૭/૨૦૧૯નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા અઠવા ઝોન વિસ્તારમાં કુલ–૩૭ સંસ્થાઓની સ્થળ તપાસ કરી ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ હેઠળનાં લાયસન્સ/રજીશ્ટ્રેશન વગર કાર્યરત કુલ–૧૧ સંસ્થાઓને બંધ કરાવી નોટીસ આપવામાં આવેલ છે.

| અ.નં. | સંસ્થાનુ નામ | સરનામુ | રીમાકર્સ |
|---|---|---|---|
| ૧. | સ્પે. અમદાવાદી નાપલોન ખમણ | ટાઈમ્સ વર્લ્ડ, અલથાણ કેનાલ રોડ, ભીમરાડ, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૨. | શિવમ ભેલપુરી | સીમ્ફની શોપર્સ, અલથાણ કેનાલ રોડ, ભીમરાડ, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૩. | મદ્રાસ કાફે | વાસ્તુ ડીસ્કવરી કોટનેસ, અલથાણ કેનાલ રોડ, ભીમરાડ, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૪. | સોનલી પાણીપૂરી | રઘુવીર સિમ્ફુન શોપર્સ, અલથાણ કેનાલ રોડ, ભીમરાડ, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૫. | પંડિત સોડા શોપ | ટાઈમ્સ વર્લ્ડ, અલથાણ કેનાલ રોડ, ભીમરાડ, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૬. | દિપક બનારસી પાન સેન્ટર | ટાઈમ્સ વર્લ્ડ, અલથાણ કેનાલ રોડ, ભીમરાડ, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૭. | ડમરૂ પાન ભંડાર | ટાઈમ્સ વર્લ્ડ, અલથાણ કેનાલ રોડ, ભીમરાડ, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૮. | સુમુલ સ્કુપ એન્ડ બેકર્સ | રઘુવીર સિમ્ફુન શોપર્સ, અલથાણ કેનાલ રોડ, ભીમરાડ, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૯. | વેલકમ આલુપુરી એન્ડ ખાવસા | રઘુવીર સિમ્ફુન શોપર્સ, અલથાણ કેનાલ રોડ, ભીમરાડ, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૧૦. | ગણેશ વડાપાંઉ | રઘુવીર સિમ્ફુન શોપર્સ, અલથાણ કેનાલ રોડ, ભીમરાડ, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૧૧. | પૂજા આઈસ ડીશ | રઘુવીર સિમ્ફુન શોપર્સ, અલથાણ કેનાલ રોડ, ભીમરાડ, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |

**સમાચારયાદી નં.૨૩૯, તા.૧૧/૦૭/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.**

# પ્રેસનોટ

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

## ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનના ડે. કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ નીચે મુજબની મિલ્કતમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની કામગીરી કરવામાં આવેલ છે : –

(૧) સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૪(બેગમપુરા), નોંધ નં.૩૨૭૦, એચ.કે.સ્ટ્રીટ, ઝાપાબજાર વાળી મિલ્કતમાં મંજુર પ્લાન વિરૂધ્ધ કરેલ ગેરકાયદેસર બાંધકામ અત્રેથી તા.૧૧/૦૭/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સિક્યોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત પાંચમાં માળે આશરે ૩૦૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ દુર કરવામાં આવેલ છે. તેમજ ડીમોલીશન પેટે રૂા.૨૫,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

(૨) સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૭(સૈયદપુરા), નોંધ નં.૨૦૯૪,૨૦૮૬/ડી પૈકી સાઉથ સાઈડ,લાલમીયા મસ્જિદની બાજુમાં, રામપુરા વાળી મિલ્કતમાં મંજુર પ્લાન વિરૂધ્ધ કરેલ ગેરકાયદેસર બાંધકામ અત્રેથી તા.૧૧/૦૭/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સિક્યોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત ચોથો માળ તથા પાંચમા માળે(પાર્ટ) આશરે ૧૮૦૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ તથા ૮૫૦ ચો.ફુટ ચણતર દુર કરવામાં આવેલ છે. તેમજ ડીમોલીશન પેટે રૂા.૧,૨૫,,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૨૪૦
તા.૧૧/૦૭/૨૦૧૯

# પ્રેસનોટ

સવિનય સહ જણાવવાનું કે ચોક સ્થિત ઐતિહાસિક કિલ્લાનાં પ્રચાર, ટુરિઝમ, સિટિઝન એન્ગેજમેન્ટ તથા ભવિષ્યમાં વિઝિટર ફૂટફોલ વધી શકે તેમાટે **"નેશનલ ફોટોગ્રાફી કોમ્પીટીશન–૨૦૧૯"** યોજવામાં આવેલ. "નેશનલ ફોટોગ્રાફી કોમ્પીટીશન–૨૦૧૯"નો સમયગાળો ૫ જાન્યુઆરી,૨૦૧૯ થી ૩૧ માર્ચ, ૨૦૧૯ સુધી રાખવામાં આવેલ હતો. સદર "નેશનલ ફોટોગ્રાફી કોમ્પીટીશન–૨૦૧૯" અંર્તગત કુલ **૬૮ ફોટોગ્રાફર** દ્વારા ૧૨૨ અરજીઓ કરેલ જેમાં બ્લેક એન્ડ વ્હાઈટ તથા કલર મળી કુલ ૫૩૦ ફોટોગ્રાફસ સબમીટ કરેલ છે.

તા.૦૮/૦૭/૨૦૧૯ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે ચોક સ્થિત કિલ્લામાં આર્ટ ગેલેરી કમ એકિઝબીશન હોલ ખાતે સદર કોમ્પીટીશનમાં સબમીટ થયેલ તમામ ફોટોગ્રાફસના પ્રદર્શનનું ઉદઘાટન મા. ડે.મેયરશ્રી નિરવભાઈ શાહના શુભ હસ્તે કરવામાં આવેલ. સદર સમારોહમાં મા. સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી અનિલભાઈ ગોપલાણી, મા. પક્ષ નેતા શ્રી ગિરિજાશંકર મિશ્રા, મા. દંડક શ્રી દક્ષાબેન જરીવાળા, વિવિધ સમિતિઓના અધ્યક્ષશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અધિકારીઓ, સ્પર્ધકો તથા બહોળી સંખ્યામાં નગરજનો ઉપસ્થીત રહયા હતા.

**"નેશનલ ફોટોગ્રાફી કોમ્પીટીશન–૨૦૧૯"**ને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત નિર્ણાયકો (૧) શ્રી મહેન્દ્રભાઈ પરીખ – મુંબઈ, (૨) શ્રી વિવેક દેસાઈ– અમદાવાદ,(૩) શ્રી સૌરભ દેસાઈ – સુરત દ્વારા તમામ ફોટોગ્રાફસ તથા તેની રો–ઈમેજ ચકાસ્વામાં આવેલ અને ત્યાર બાદ બંધ કવરમાં સ્પર્ધાનું પરિણામ રજુ કરેલ છે જેને તા.૦૮/૦૭/૨૦૧૯ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે ગાંધી સ્મૃતિ ભવન ખાતે મા. ડે.મેયરશ્રી નિરવભાઈ શાહ તથા અન્ય પદાધિકારીઓ અને મ્યુનિસિપલ કમિશ્નરશ્રી દ્વારા જાહેર કરવામાં આવેલ જે નીચે મુજબ છેઃ

| | **વયજુથ ૧૮ થી ૩૦ વર્ષ** | | **વયજુથ ૩૦ વર્ષથી વધુ** | |
|---|---|---|---|---|
| | **બ્લેક એન્ડ વ્હાઈટ ફોટોગ્રાફી** | **કલર ફોટોગ્રાફી** | **બ્લેક એન્ડ વ્હાઈટ ફોટોગ્રાફી** | **કલર ફોટોગ્રાફી** |
| **પહેલું ઈનામ** | શ્રી પાર્થ જે. પટેલ (સુરત) રૂ.૫૦,૦૦૦/– | શ્રી શિવાંગી જી. સોસા (સુરત) રૂ.૫૦,૦૦૦/– | શ્રી અંકિત આર. પટેલ (અમદાવાદ) રૂ.૧,૦૦,૦૦૦/– | શ્રી સુસ્મિતા ભટ્ટાચાર્ય (કોલકાતા) રૂ.૧,૦૦,૦૦૦/– |
| **બીજુ ઈનામ** | શ્રી પ્રિતેશકુમાર એન. પટેલ (આણંદ) રૂ.૩૧,૦૦૦/– | શ્રી કાર્તિક એ. મોર (ગાંધીધામ) રૂ.૩૧,૦૦૦/– | શ્રી મનિષકુમાર ચૌહાણ (વડોદરા) રૂ.૭૫,૦૦૦/– | શ્રી નિયતિ બી. વાઘેલા (અમદાવાદ) રૂ.૭૫,૦૦૦/– |
| **ત્રીજુ ઈનામ** | શ્રી જૈમીન એન. શેઠ (સુરત) રૂ. ૧૫,૦૦૦/– | શ્રી ધવન બી. ગાડીવાળા (સુરત) રૂ. ૧૫,૦૦૦/– | શ્રી પિયુષ એચ. પટેલ (વડોદરા) રૂ. ૫૧,૦૦૦/– | શ્રી સિધ્ધાર્થ પી. રાઠોડ (અમદાવાદ) રૂ. ૫૧,૦૦૦/– |

**''નેશનલ ફોટોગ્રાફી કોમ્પીટીશન–૨૦૧૯''**અંતર્ગત તમામ ૬૮ ભાગ લેનાર સ્પર્ધકને પાર્ટીસીપેશન સર્ટીફીકેટ આપવામાં આવેલ.

સુરત મહાનગરપાલિકા દ્વારા ચોક બજાર સ્થિત કિલ્લાની **''નેશનલ ફોટોગ્રાફી કોમ્પીટીશન–૨૦૧૯''**અંતર્ગત વિવિધ કેટેગરીમાં જમા કરાવેલ ફોટોગ્રાફસનું પ્રદર્શન આર્ટગેલેરી કમ એકિઝબીશન હોલ, કિલ્લો, સુરત ખાતે નીચે મુજબના દિવસો દરમિયાન વિનામૂલ્યે નિહાળી શકાશે.

| | | |
|---|---|---|
| **પ્રદર્શન તારીખ** | : | ૦૮/૦૭/૨૦૧૯ થી ૨૪/૦૭/૨૦૧૯ |
| **સમય** | : | સવારે ૧૦:૦૦ કલાક થી સાંજે ૦૫:૦૦ કલાક |

દર સોમવારે પ્રદર્શન જાહેર જનતાની મુલાકાત માટે બંધ રહેશે.

જનસંપર્ક વિભાગ સુરત મહાનગરપાલિકા તરફથી સાદર રવાના સમાચાર યાદી પી.આર.ઓ.નં. ૨૪૧



242

# સુરત મહાનગરપાલિકા

# પ્રેસનોટ

**<u>જયાપાર્વતી વ્રત (અલુણાવ્રત) નિમિત્તે બાગોમા પ્રવેશ અંગે સુચના.</u>**

**સુરત મહાનગરપાલિકા હસ્તકના નીચે જણાવેલ બાગોમા જયાપાર્વતીવ્રત નિમિત્તે તા.૧૪/૦૭/૧૯ થી તા.૧૮/૦૭/૧૯ સુધી નીચે જણાવેલ બાગોમાં બપોરે ૦૩:૦૦ થી રાત્રે ૧૧:૦૦ કલાકે બાગ બંધ થાય ત્યાં સુધી ફકત બહેનો/ નાના બાળકો/ બાલીકાઓને/ વરિષ્ઠ નાગરીકો ને જ દાખલ થવા દેવામાં આવશે.**

| | | | |
|---|---|---|---|
| | સેન્ટ્રલ | | |
| 1 | ગાંધીબાગ– ચોક | 2 | કવિશ્રી જંયત પાઠક ક્રિડાંગણ સગરામપુરા |
| 3 | સ્નેહ મિલન બાગ – ટીમલીયા વાડ | | |
| | વેસ્ટ | | |
| 4 | નેતાજી સુભષચંદ્રબોઝ ઉધાન–રાંદેર | 5 | મોરારજીભાઈ દેસાઈઉધાન–અડાજણ |
| 6 | જયોતિન્દ્ર દવે ઉધાન–જોગાણી નગર | 7 | સોમેશ્વર મહાદેવ બાગ–પાલ |
| 8 | પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઉધાન રાંદેર | 9 | અડાજણ ચિલ્ડ્રન પાર્ક, ન્યુ રાંદેર ઝોન ઓફિસ રોડ |
| 10 | કવિ કલાપિ ગાર્ડન, અડાજણ ગામ | 11 | રોઝ ગાર્ડન, જહાંગીરપુરા |
| 12 | એકઝોરા ગાર્ડન, શ્રેણીકપાર્ક સોસાયટી | 13 | પામ ગાર્ડન, રાજહંસ એપલની પાછળ, પાલનપુર |
| 14 | કવિશ્રી ઝીણાભાઇ રતનજી દેસાઇ (સ્નેહરશ્મિ) બોટનિકલ ગાર્ડન | 15 | પાલ લેક ગાર્ડન, ગેલેક્ષી સર્કલ લીનીયર વોક વે પાસે, પાલ ગામ |
| 16 | પાલનપુર લેક ગાર્ડન, પાલનપુર ફાયર સ્ટેશનની પાછળ, | | |
| | સાઉથ વેસ્ટ | | |
| 17 | લેકવ્યુ ગાર્ડન–પીપલોદ | 18 | સિધ્ધરાજ જયસિંહ સોલકી ઉધાન અલથાણ |
| 19 | જવાહરલાલ નહેરુ ઉધાન અઠવાલાઈન્સ | 20 | મહારાજા અગ્રેસન ઉધાન–સીટી લાઈટ |
| 21 | સરોજીની નાયડુ ઉધાન–ઉમરા | 22 | કવિશ્રી નવલરામ પંડયા ફલોરા પાર્ક, ઉમરા |
| 23 | સ્વામી વિવેકાનંદ ઉધાન–જીવકોરનગર | 24 | શ્રી ગૌરીશંકર જોષી ઉધાન, વેસુ ટાંકીની બાજુમાં |

| | | | |
|---|---|---|---|
| 25 | ખજોદ લેક ગાર્ડન, ખજોદ ગામ | 26 | મકરંદ દવે ઉધાન, માનસરોવર બંગ્લોઝની સામે, ભીમરાડ |
| 27 | ટી.પી.૧૩ (ભરથાણા–વેસુ), એફ.પી.નં.૩૫,૧૮૦ અને ૧૮૧ ખાતે આવેલ લેક ગાર્ડન, વી.આઈ.પી. રોડ, મનભરી ફાર્મની પાછળ | | |
| | સાઉથ | | |
| 28 | ઝાંસી કી રાણી લક્ષ્મીબાઈ ઉધાન ઉધના | 29 | સ્વ. શ્રી નવિનચંદ્ર મફતલાલ ઉધાન – ભેસ્તાન |
| 30 | ઉમીયામાતા ઉધાન,ખરવરનગર | 31 | ઉન લેક ગાર્ડન, ઉન ગામ |
| 32 | ખટોદરા લેક ગાર્ડન, ખટોદરા બી.આર.ટી.એસ.રૂટ પાસે | | |
| | સાઉથ ઈસ્ટ | | |
| 33 | મહર્ષી આસ્તિક ઋષિ લેક ગાર્ડન, ગોડાદરા ગામતળ | 34 | ડૉ.રાજેન્દ્ર પ્રસાદ ઉધાન, કરાડવા રોડ, ડીંડોલી |
| 35 | ડીંડોલી છઠ સરોવર ગાર્ડન, ડીંડોલી ગામ | 36 | ટી.પી.નં.૬૧ (પરવટ–ગોડાદરા) એફ.પી.નં.આર – ૩૪, વિનાયક હાઈટસની સામે, |
| | ઈસ્ટ | | |
| 37 | મહારાણા પ્રતાપ ઉધાન –વરાછા | 38 | પૃષ્ટિ ઉધાન, – મગોબ |
| 39 | ઝવેરચંદ મેઘાણી ઉધાન – વરાછા | 40 | શહીદ વીર ભગતસીંહ ઉધાન ત્રિકમ નગર |
| 41 | મોટા વરાછા લેક ગાર્ડન, સુદામા ચોકની બાજુમા | 42 | ટી.પી.સ્કીમ નં.૬૪(ડુંભાલ–મગોબ), ફા.પ્લોટ નં.૧૩૩ (આર–૭), લેન્ડમાર્ક ટેક્ષટાઈલ્સ માર્કેટ પાછળ, મોર્ડન ટાઉનશીપ પાસે |
| 43 | જયુબીલી લેક ગાર્ડન, કબ્રસ્તાન પાસે, મોટા વરાછા ગામ | | |
| | નોર્થ | | |
| 44 | વીર સાવરકર ઉધાન – કતારગામ | 45 | ડૉ.શ્યામાપ્રસાદ મુખરજી લેક ગાર્ડન–કતારગામ |
| 46 | પ્રેમાનંદ ઉધાન – સીંગણપોર | 47 | કોસાડ લેક ગાર્ડન, કોસાડ ગામ |
| 48 | ઉત્રાણ લેક ગાર્ડન , ઉત્રાણ ગામ | 49 | સંત શ્રી તુકારામ ઉધાન, ગોવિંદજી હોલ પાસે, ડભોલી |
| 50 | ફ્રેગરન્સ ગાર્ડન, પ્લેટીનમ પાર્કની સામે, કતારગામ | 51 | 'ડભોલી લેક ગાર્ડન' ડભોલી ગામ પાસે |

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા સેવા સદર તરફથી સાદર**
**સમાચાર યાદી નં.૨૪૨**
**તા. ૧૧ /૦૭/૨૦૧૯**

# :: પ્રેસનોટ ::

## "અલુણાવ્રત ઉજવણી નિમિત્તે મહેંદી અને ગોરમાગીત સ્પર્ધા"

**વિષય : સુરત મહાનગરપાલિકા આયોજીત મહેંદી અને ગોરમાગીત સ્પર્ધામાં હાજર રહેવા બાબત.**

સુરત મહાનગરપાલિકા દ્વારા અલુણાવ્રત ઉજવણી નિમિત્તે મહેંદી અને ગોરમાગીત સ્પર્ધાનું નીચે જણાવ્યા મુજબ આયોજન કરવામાં આવેલ છે.

| ક્રમ | તારીખ / વાર | સમય | વિભાગ | સ્પર્ધા | સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૩/૦૭/૨૦૧૯ શનિવાર | બપોરે ૧૨.૦૦ કલાકે | પ્રાથમિક | મહેંદી | પરવત કોમ્યુનિટી હોલ, પરસોત્તમનગરની સામે, પરવતપાટીયા–ગોડાદરા રોડ, પરવત, સુરત. |
| | | બપોરે ૨.૦૦ કલાકે | માધ્યમિક | | |
| ૨ | ૧૫/૦૭/૨૦૧૯ સોમવાર | બપોરે ૧૨.૦૦ કલાકે | ખુલ્લો | મહેંદી | |
| ૩ | ૧૬/૦૭/૨૦૧૯ મંગળવાર | સવારે ૧૦.૦૦ કલાકે | પ્રાથમિક વિભાગ | ગોરમાગીત | પરફોર્મિંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી–ડૉ.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ, અડાજણ, સુરત |

મહેંદી સ્પર્ધાના સ્પર્ધકો પોતાનું નામ અને અનુક્રમ નંબર જોઈ શકે તે માટે પ્રાથમિક વિભાગ, માધ્યમિક વિભાગ અને ખુલ્લા વિભાગની નીચે જણાવ્યા મુજબની સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર જોઈ શકાશે. સદર ફાઈલ ડાઉનલોડ કર્યા બાદ જે તે સ્પર્ધકે પોતાના મોબાઈલના છેલ્લા ૫(પાંચ) આંકડા સર્ચ કર્યેથી પોતાનું નામ અને અનુક્રમ નંબર જોઈ શકાશે. મહેંદી સ્પર્ધામાં રજીસ્ટ્રેશન થયેલ અનુક્રમ નંબર પ્રમાણે બેસવાનું રહેશે.

| ક્રમ | મહેંદીનો વિભાગ / પ્રકાર | સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ |
|---|---|---|
| ૧. | પ્રાથમિક વિભાગ (સાદી અને અરેબિક મહેંદી) | https://tinyurl.com/PRIMARY-MAHENDI2019 |
| ૨. | માધ્યમિક વિભાગ (સાદી અને અરેબિક મહેંદી) | https://tinyurl.com/SECONDARY-MAHENDI2019 |
| ૩. | ખુલ્લો વિભાગ (સાદી મહેંદી) | https://tinyurl.com/OPEN-MAHENDI2019 |
| ૪. | ખુલ્લો વિભાગ (અરેબિક મહેંદી) | https://tinyurl.com/OPEN-ARABIC-MAHENDI2019 |

અલુણાવ્રત ઉવજણી અંતર્ગત યોજાનાર સ્પર્ધાઓમાં સમયસર ઉપસ્થિત રહેવા રજીસ્ટ્રશન કરાવેલ તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને નિમંત્રણ છે.

**સમાચારયાદી નં.૨૪૩, તા.૧૨/૦૭/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.**

# <u>પ્રેસનોટ</u>

## <u>સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ દ્વારા ઓપરેશન હેલ્થ કેરની કામગીરીના સંદર્ભે આદરેલી ઝુંબેશની અખબારી યાદીઃ–</u>

સુરત મહાનગરપાલિકા સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન વિસ્તારમાં મગદલ્લા પોર્ટ ખાતે થી કોલ–કોલસી રવાના કરતા કોલ ઓપરેટર્સ તેમજ હજીરા નોટીફાઈડ એરીયામાંથી કોલ રવાના કરતા ઓપરેટર્સની ટ્રકો સુરત શહેરના વાય જંકશન થી ઉધના–મગદલ્લા રોડ થઈ ખટોદરા, ભટાર, પાંડેસરા, ઉધનાની મીલોમાં કોલ પહોંચાડવાનું કામ કરે છે.

આવા ૭–૮ ઓપરેટર્સની અંદાજીત ૭૦ થી ૮૦ ટ્રકો સુરત શહેર વિસ્તારમાંથી દિવસે અને રાત્રે કોલનું વહન કરી ઓવર લોડ ટ્રેકો ભરી, તાડપત્રી ઢાંકીને રવાના કરવાની કામગીરીમાં બેદરકારી દાખવતા હોઈ, ઉધના–મગદલ્લા રોડ પર આખા રોડ પર આવી કોલસી પાડી સુરત મહાનગરપાલિકાના રોડ ખરાબ કરે છે, વાહન સ્લીપ થઈ જવાથી ભયંકર અકસ્માત થાય છે. તેમજ કોલસી પર્યાવરણને પણ નુકશાન કરે છે અને શ્વાસોશ્વાસમાં જઈ જાહેર આરોગ્યને પણ ગંભીર નુકશાન પહોંચાડે છે.

આજરોજ ઓ.એન.જી.સી. ચાર રસ્તા પર વોચ સ્કવોર્ડ અને દબાણની ટીમ સાથે રાખી આવુ કૃત્ય અટકાવી શકાય તે માટે ઓપરેટર્સની ટ્રકો જમા કરી સીટીસલાઈટ ખાતે મહાત્મા ગાંધી ડેપો પર જમા લીધી છે. આવા ઓપરેટર્સ દ્વારા ટ્રકો સુરત શહેરના બદલે હાઈવે પર થી પસાર થાય, જી.પી.સી.પી., આર.ટી.ઓ., પોલીસ વિભાગ અને સુરત મહાનગરપાલિકાની શરતોનું પાલન કરવામાં આવે તે માટે નોટીસો આપવાની કાર્યવાહી શરૂ કરેલ છે.

<u>**કોલ ઓપરેટર્સ તેમજ તેમની જમા લીધેલ ટ્રકોની વિગત**</u>

(1) GJ-21-W-1173 (2) GJ-05-BU-8937 (3) GJ-5-BU-8914 (4) GJ-21-W-1308 (5) GJ-21-W-7366

(૧) સમર્થ સાંઈ કોલ ઓપરેટર્સ

(૨) મગદલ્લા કોલ એસોશીએશન પ્રમુખ– શ્રી હરીશભાઈ ચાવડા

(૩) કિરન ટ્રાન્સપોર્ટ હજીરા– જીતુભાઈ પટેલ

(૪) ધર્મેન્દ્રભાઈ પટેલ હજીરા ટ્રક એસોશીએશન પ્રમુખ

વધુમાં ટ્રક સુરત મહાનગરપાલિકા દ્વારા સીટીલાઈટ ડેપો ખાતે જમા લેતા હાલમાં ઓપરેટર્સ દ્વારા ટ્રકોનું વહન બંધ કરેલ છે.

ઉપરોકત મેસેજ તમામ દૈનિક વર્તમાન પત્રોમાં આપી જનજાગૃતિ લાવવા તેમજ કોલ ઓપરેટર્સને તેમની જવાબદારીનું ભાન કરાવવા બહોળી પ્રસિધ્ધી આપવા વિનંતી.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર પાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં૨૪૪
તા.૧૨ /૦૭/૨૦૧૯

| | | |
|---|---|---|
| | **સુરત મહાનગર પાલિકા**<br>**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**<br>**અખબારી યાદી** | |

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તા.૧૨/૦૭/૨૦૧૯ ના રોજ **બાંધકામ,ખુલ્લાપ્લોટ,શાળાઓમાં** કરવામાં આવેલ ઝુંબેશઃ–

વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૧૨/૦૭/૨૦૧૯ ના રોજ બાંધકામો, ખુલ્લાપ્લોટ, શાળાઓમાં કરવામાં આવેલ સર્વે દરમ્યાન બ્રિડીંગ મળતા કુલ ૨,૬૯,૧૦૦/– રૂા. વહીવટી ખર્ચ વસુલાત કરવામાં આવેલ છે. સાઉથ–ઈસ્ટ ઝોનમાં સાલાસર ટેક્ષટાઈલ માર્કેટ માંથી ૧૦૦૦૦/–, ૠતુરાજ ટેક્ષટાઈલ બાંધકામ માંથી ૫૦૦૦/–, ઈન્ટરનેશનલ ટેક્ષટાઈલ બાંધકામ માંથી ૫૦૦૦/–, ધ પેલેસ બાંધકામ માંથી ૫૦૦૦/– સર્જન સ્ટ્રકચર બાંધકામ માંથી ૪૦૦૦/–, જુદી–જુદી પ્રિમાયસીસો, બાંધકામો, ખુલ્લા પ્લોટ, સોસાયટી મળી કુલે ૭૧૮૦૦/–રૂા. વહીવટી ખર્ચ વસુલાત કરવામાં આવેલ છે તથા ૧૨ ઈસમોને નોટીશ આપવામાં આવેલ છે. સાઉથ–વેસ્ટઝોનમાં જી.ડી.ગોયેન્કા સ્કુલ માંથી ૫૦૦૦/– તથા ભગવાન મહાવીર કોલેજ માંથી ૧૦૦૦૦/– તથા જુદાં–જુદાં બાંધકામ, ખુલ્લા પ્લોટ, મળી કુલે ૮૫૦૦૦/– વહીવટી ખર્ચ વસુલાત કરવામાં આવેલ છે. વેસ્ટઝોનમાં બાંધકામો, ખુલ્લા પ્લોટ તથા સ્કુલોમાંથી સર્વે દરમ્યાન કુલ રૂ.૩૩૦૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે . સાઉથઝોનમાં આવતી લક્ષ્મીનારયણ નગર, ઉધના માંથી કુલ રૂ.૯૦૦૦/–, જીત ઈન્ડસ્ટ્રીસ, પાંડેસરામાં કુલ રૂ.૫૦૦૦/–, તૃપ્તીનગરમાંથી કુલ રૂ.૬૦૦૦/–, કૈલાશનગરમાંથી કુલ રૂ.૨૦૦૦/– જુદી–જુદી પ્રિમાયસીસો, સોસાયટી,ખુલ્લા પ્લોટ મળી કુલે ૨૪૦૦૦/– વહીવટી ખર્ચ વસુલાત કરવામાં આવેલ છે. તથા ૯ ઈસમોને નોટીશ અપવામાં આવેલ છે. નોર્થઝોનમાં સર્વે દરમ્યાન પ્રમુખ કન્યા વિધાલય માંથી રૂ.૨૫૦૦૦/–,સર્જન પેલેસ રૂ.૫૦૦૦/– સુંદરપાર્ક સોસાયટી રૂ.૪૦૦૦/– મળી કુલ ૪૧૧૦૦/– રૂા. વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે. ઈસ્ટઝોન–એમાં ૧૧ બાંધકામોમાં સર્વે દરમ્યાન કુલ રૂ.૩૨૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે. ઈસ્ટઝોન–બીમાં ૧૮ બાંધકામોમાં સર્વે દરમ્યાન કુલ રૂ.૬૦૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં

આવેલ છે. સેન્ટ્રલઝોનમાં ૪૪ બાંધકામોમાં સર્વે દરમ્યાન  કુલ રૂ.૫૦૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.

| ઝોન | બ્રિડીગ મળેલ બાંધકામ,ખુલ્લા પ્લોટ,શાળા માંથી વસુલવામાં આવેલ વહીવટી ખર્ચ |
|---|---|
| સેન્ટ્રલ | ૫૦૦૦/– |
| વેસ્ટ | ૩૩૦૦૦/– |
| સાઉથ | ૨૪૦૦૦/– |
| સાઉથ–ઈસ્ટ | ૭૧૮૦૦/– |
| સાઉથ–વેસ્ટ | ૮૫૦૦૦/– |
| નોર્થ | ૪૧૧૦૦/– |
| ઈસ્ટ–એ | ૩૨૦૦/– |
| ઈસ્ટ–બી | ૬૦૦૦/– |
| **કુલ** | ૨૬૯૧૦૦/– |

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**
**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

જનસંપર્ક વિભાગ
સમાચાર યાદી નં.૨૪૫
તા. ૧૨–૦૭–૨૦૧૯

# <u>પ્રે સ નો ટ</u>

સવિનય, ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારમાં આવેલ નીચે જણાવેલ સંસ્થાઓની તા.૧૧/૦૭/૨૦૧૯નાં રોજ ફુડ વિભાગના ફુડ સેફટી ઓફિસરો ધ્વારા વરાછા ઝોન વિસ્તારમાં કુલ–૧૮ સંસ્થાઓની સ્થળ તપાસ કરી ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ હેઠળનાં લાયસન્સ/રજીશ્ટ્રેશન વગર કાર્યરત કુલ–૦૭ સંસ્થાઓને બંધ કરાવી નોટીસ આપવામાં આવેલ છે.

| અ.નં. | સંસ્થાનુ નામ | સરનામુ | રીમાકર્સ |
|---|---|---|---|
| ૧. | આદર્શ ફરસાણ | કાપોદ્રા ચાર રસ્તા, વરાછા, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૨. | સોમનાથ ટી સેન્ટર | કાપોદ્રા ચાર રસ્તા, વરાછા, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૩. | શ્રી ચામુંડા ટી હાઉસ | કાપોદ્રા ચાર રસ્તા, વરાછા, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૪. | અમદાવાદી નાયલોન ખમણ | કાપોદ્રા ચાર રસ્તા, વરાછા, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૫. | રામદેવજી મિઠાઈ એન્ડ ઢોકળા હાઉસ | આદર્શ નગર, કાપોદ્રા ચાર રસ્તા, વરાછા, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૬. | શ્રધ્ધા સ્વીટસ | આદર્શ નગર, કાપોદ્રા ચાર રસ્તા, વરાછા, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૭. | ગોલી નાસ્તા સેન્ટર | શંકર નગર, કાપોદ્રા ચાર રસ્તા, વરાછા, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |

:: પ્રેસનોટ ::

"અલુણાવ્રત ઉજવણી નિમિત્તે યોજાયેલ મહેંદી સ્પર્ધા"

વિષય : અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૩/૦૭/૨૦૧૯ના રોજ પરવત કોમ્યુનિટી હોલ, પરવત, સુરત ખાતે યોજાયેલ મહેંદી સ્પર્ધા

ભારતીય સંસ્કૃતિમાં બાલિકાઓ, કન્યાઓ અને મહિલાઓ માટે જ વિશેષરૂપે યોજાતા અલુણાવ્રત ઉત્સવને જીવંત અને ધબકતો રાખવાના ઉમદા હેતુસર અલુણાવ્રત ઉત્સવ શરૂ થવા પૂર્વે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૩/૦૭/૨૦૧૯ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે પ્રાથમિક વિભાગની સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધા અને બપોરે ૦૨.૦૦ કલાકે માધ્યમિક વિભાગની સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધા પરવત કોમ્યુનિટી હોલ, પરસોત્તમનગરની સામે, પરવતપાટીયા–ગોડાદરા રોડ, પરવત, સુરત ખાતે યોજવામાં આવી હતી. ભારતીય પરંપરામાં શુકન ગણાતી હાથે મહેંદી મુકવાની પ્રણાલીને અનુસરતા શહેરની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની ૪૦૦થી વધુ વિદ્યાર્થીનીઓએ સાદી મહેંદી અને અરેબિક મહેંદી સ્પર્ધામાં ભાગ લઈ અવનવી ડિઝાઈનમાં હાથે મહેંદી મુકી હતી. સ્પર્ધામાં નીચે મુજબના વિજેતાઓ જાહેર થયા હતા.

| વિજેતા | પ્રાથમિક વિભાગ | | માધ્યમિક વિભાગ | |
|---|---|---|---|---|
| | સાદી મહેંદી | અરેબિક મહેંદી | સાદી મહેંદી | અરેબિક મહેંદી |
| પ્રથમ | પ્રાચી ધર્મેશકુમાર રાણા | ફાતમાબીબી મો.ઈલ્યાસ સાઈકલવાળા | રૂચિ નરેશભાઈ વરીયા | શેખ આતિફા ઈમરાન |
| દ્વિતીય | જાનકી અનિલભાઈ રૂમાલવાલા | જયોતિ કિશોર મહાજન | મહેક નયનભાઈ પરોણાવાળા | આતેકાબાનું મો. ઈલ્યાસ સાઈકલવાળા |
| તૃતીય | શેખ સાનિયાબાનું ફારૂક | અમિષા રાજુભાઈ દાસ | નરવાડે અંકિતા સંજયભાઈ | મૈસુરીયા મહેક દર્શનકુમાર |

પ્રાથમિક અને માધ્યમિક વિભાગમાં યોજાયેલ મહેંદી સ્પર્ધાના વિજેતાઓ ઉપરાંત આશ્વાસન વિજેતાઓને માન.દંડક શ્રીમતી દક્ષાબેન જરીવાળા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ, મ્યુ.સભ્યશ્રી તથા નિર્ણાયકશ્રીઓના વરદહસ્તે પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. ભાગ લેનાર દરેક સ્પર્ધકોને સ્મૃતિભેટ આપવા આવી હતી. સ્પર્ધામાં શિક્ષકો, વાલીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા.

ખુલ્લા વિભાગની મહેંદી સ્પર્ધાના સ્પર્ધકો પોતાનું નામ અને અનુક્રમ નંબર જોઈ શકે તે માટે ખુલ્લા વિભાગનું લીસ્ટ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ https://tinyurl.com/OPEN-MAHENDI2019 તથા https://tinyurl.com/OPEN-ARABIC-MAHENDI2019 પર જોઈ શકાશે. સદર ફાઈલ ડાઉનલોડ કર્યા બાદ જે તે સ્પર્ધકે પોતાના મોબાઈલના છેલ્લા ૫(પાંચ) આંકડા સર્ચ કર્યેથી પોતાનું નામ અને અનુક્રમ નંબર જોઈ શકાશે અને તે જ અનુક્રમ નંબર પ્રમાણે બેસવાનું રહેશે.

અલુણાવ્રત ઉજવણી નિમિત્તે નીચે જણાવેલ સ્થળ અને સમયે યોજાનાર સ્પર્ધાઓમાં રજીસ્ટ્રેશન કરાવેલ તમામ સ્પર્ધકોએ પહોંચ સાથે સમયસર ઉપસ્થિત રહેવા નોંધ લેવી તથા સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને નિમંત્રણ છે.

| ક્રમ | તારીખ / વાર | સમય | સ્પર્ધા / વિભાગ | વિભાગ | સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૫/૦૭/૨૦૧૯ સોમવાર | સવારે ૧૨.૦૦ કલાકે | મહેંદી સ્પર્ધા | ખુલ્લો વિભાગ | પરવત કોમ્યુનિટી હોલ, પરસોત્તમનગરની સામે, પરવતપાટીયા–ગોડાદરા રોડ, પરવત, સુરત |
| ૨ | ૧૬/૦૭/૨૦૧૯ મંગળવાર | સવારે ૧૦.૦૦ કલાકે | ગોરમાગીત સ્પર્ધા | પ્રાથમિક વિભાગ | પરફોર્મિંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી–ડૉ.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ, અડાજણ, સુરત |

સમાચારયાદી, તા.૧૩/૦૭/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

MAENDI-19.









# <u>પ્રે સ નો ટ</u>

સવિનય, ડે.કમિશનરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારમાં આવેલ નીચે જણાવેલ સંસ્થાઓની તા.૧૨/૦૭/૨૦૧૯નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા ઉધના ઝોન વિસ્તારમાં કુલ–૬૪ સંસ્થાઓની સ્થળ તપાસ કરી ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ હેઠળનાં લાયસન્સ/રજીસ્ટ્રેશન વગર કાર્યરત કુલ–૨૨ સંસ્થાઓને બંધ કરાવી નોટીસ આપવામાં આવેલ છે.

| અ.નં. | સંસ્થાનુ નામ | સરનામુ | રીમાકર્સ |
|---|---|---|---|
| ૧. | શ્રી સાંઈ રામ મસાલા | છત્રપતિ શિવાજી શાકભાજી માર્કેટ, પાંડેસરા, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૨. | સંતોષ મસાલા એન્ડ કિરણા સ્ટોર | છત્રપતિ શિવાજી શાકભાજી માર્કેટ, પાંડેસરા, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૩. | સાંઈ વડાપાંઉ | ગુજ.હાઉસીંગ બોર્ડ, પાંડેસરા, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૪. | સોનમ કોર્નર | પિયુષ કોમ્પલેક્ષ, પાંડેસરા, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૫. | હરીઓમ ફાસ્ટફુડ | ગુજ.હાઉસીંગ બોર્ડ, પાંડેસરા, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૬. | વિકાસ બેકરી | ગુજ.હાઉસીંગ બોર્ડ, પાંડેસરા, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૭. | વિલાસ કરીયાણા | ગુજ.હાઉસીંગ બોર્ડ, પાંડેસરા, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૮. | મનોજ ટ્રેડિંગ | જલારામ નગર, ગુજ.હાઉસીંગ બોર્ડ, પાંડેસરા, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૯. | અંબિકા નાસ્તા સેન્ટર | જલારામ નગર, ગુજ.હાઉસીંગ બોર્ડ, પાંડેસરા, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૧૦. | શ્રી ભેરૂનાથ મસાલા એન્ડ પ્રોવિઝન સ્ટોર | જલારામ નગર, ગુજ.હાઉસીંગ બોર્ડ, પાંડેસરા, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૧૧. | માતેશ્વરી પ્રોવિઝન સ્ટોર્સ | ગુજ.હાઉસીંગ બોર્ડ, પાંડેસરા, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૧૨. | બાલાજી સુપર સ્ટોર્સ | જલારામ નગર, ગુજ.હાઉસીંગ બોર્ડ, પાંડેસરા, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |

| | | | |
|---|---|---|---|
| ૧૩. | ઉમિયા પાન,ટી એન્ડ કોલ્ડ્રીંગ | ૧૨૦ ફુડ રોડ, ઉધના, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૧૪. | જંકસન બેકરી | ૧૨૦ ફુડ રોડ, ઉધના, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૧૫. | સાંઈ અમૃત પાંઉભાજી | પિયુષ પોઈન્ટ, પાંડેસરા, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૧૬. | શેઠજી નમરીન બેકરી | જલારામ નગર, ગુજ.હાઉસીંગ બોર્ડ, પાંડેસરા, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૧૭. | પવન ટ્રેડિંગ | આર્વીભાવ સોસા., પાંડેસરા, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૧૮. | ગુરૂકૃપા સ્વદેશી કંપની | આર્વીભાવ સોસા., પાંડેસરા, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૧૯. | જનતા નાસ્તા સેન્ટર | શીવનગર, પિયુષ પોઈન્ટની સામે, પાંડેસરા, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૨૦. | કિષ્ણા ભોજનાલય | શીવનગર, પાંડેસરા, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૨૧. | અંબિકા સોપારી ટ્રેડર્સ | શીવનગર, પાંડેસરા, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૨૨. | વીર ટોબેકો | જી.આઈ.ડી.સી., પાંડેસરા, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર પાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં૨૪૮

તા.૧૫/૦૭/૨૦૧૯

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

**<u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત</u> :–**

સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૭, નોંધ નં.૧૨૬૨/બ/૨,જીલાની બ્રીજ પાસે, મુસીબતપુરા વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૧૫/૦૭/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત કવર્ડ કરેલ માર્જીન તથા ઓ.ટી.એસ.આશરે ૮૫૦ ચો.ફુટ આર.સી.સી.સ્લેબ દુર કર્યા. તેમજ ડીમોલીશન પેટે રૂા.૭૫,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૨૪૯
તા.૧૫/૦૭/૨૦૧૯

## :: પ્રેસનોટ ::

### "અલુણાવ્રત ઉજવણી નિમિત્તે યોજાયેલ મહેંદી સ્પર્ધા"

વિષય : અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૫/૦૭/૨૦૧૯ના પરવત કોમ્યુનિટી હોલ, સુરત ખાતે યોજાયેલ મહેંદી સ્પર્ધા

ભારતીય લોક સંસ્કૃતિ અને વૈવિધ્ય સભર સાંસ્કૃતિક વિરાસતના જતન કરવાના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા અનેક વિધ પ્રયત્ન કરતી આવી છે. અલુણાવ્રત ઉજવણીની સંસ્કૃતિની પરંપરાને જીવંત રાખવા સુરત મહાનગરપાલિકા દ્વારા મહેંદી અને ગોરમાગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. સુખ સમૃધ્ધમય પરણિત ભાવિની કલ્પના સાકાર કરવાના હેતુસર અને ભારતીય સંસ્કૃતિમાં બાલિકાઓ, કન્યાઓ અને મહિલાઓ માટે જ વિશેષરૂપે ઉજવાતા આ ઉત્સવની ઉજવણી અંતર્ગત તા.૧૫/૦૭/૨૦૧૯ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે ખુલ્લા વિભાગની સાદી મહેંદી અને અરેબિક મહેંદી સ્પર્ધા પરવત કોમ્યુનિટી હોલ, પરવતગામ, સુરત ખાતે યોજવામાં આવી હતી. આ પ્રસંગે માન.દંડકશ્રીમતી દક્ષાબેન જરીવાળા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ તથા અન્ય મહાનુભાવોના વરદ્ હસ્તે દિપ પ્રાગ્ટય કરી સ્પર્ધાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. યુવતીઓમાં રહેલી સુષુપ્ત શકિતને બહાર લાવવા અને સાંસ્કૃતિક વારસાના જતન અને સંવર્ધન માટે સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં નગરજનોને ભાગ લેવા હિમાયત કરી હતી. ભારતીય પરંપરામાં શુકન ગણાતી હાથે મહેંદી મુકવાની પ્રણાલીને અનુસરતા સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધા મળી ૧૬૦૦ જેટલી મહિલાઓએ ઉમંગભેર ભાગ લઈ અવનવી ડિઝાઈનમાં હાથે મહેંદી મુકી હતી. સ્પર્ધાને અંતે નીચે મુજબના સ્પર્ધકો વિજેતા જાહેર થયા હતા.

**<u>ખુલ્લો વિભાગ</u>**

| વિજેતા | સાદી મહેંદી | અરેબિક મહેંદી |
|---|---|---|
| પ્રથમ | ફાલ્ગુની પટેલ | યાસ્મીન ખાલીદ કુરેશી |
| દ્વિતીય | ડેન્સી જે. સોપારીવાલા | શેખ સાહિસ્તા મો. યુસુફ |
| તૃતીય | રીંકલ જી. ચાણળાવાળા | સૈયદ રોશન મો. રફીક |
| આશ્વાસન | નિરાલી ડી. ગજ્જર | મુસ્કાન શેખ |
| | અદિતી પી. પ્રજાપતિ | ઝુબેરીયા અબ્દુલ સલામ |
| | ચાર્મી એ. ડબેરવાલા | સૈયદ શબનમ મો. રફીક |
| | ચેતના પી. સુમરા | મન્સુરી સાદિયા મો. ઝકી |
| | ધ્રુતિ એચ. જરીવાલા | સૈયદ સના મો. રફીક |
| | અંકિતા એસ. પટેલ | પાંડવ નિમિષા ડી. |
| | નમ્રતા આર. બેલડીયા | વિમ્પલ કે. પટેલ |
| | પ્રિયા જે. રાઠોડ | શબાના યુસુફ શેખ |
| | ઢોલા ધારા પ્રવિણભાઈ | |
| | કિંજલ કે. ગાંધી | |
| | ક્રિષ્ણા પી. વખારીયા | |

સાંસ્કૃતિક વારસાના જતન અને સંવર્ધન માટે સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત આ સાદી અને અરેબિક મંહેદી સ્પર્ધાના વિજેતાઓને ઉપસ્થિત મહાનુભાવો, અધિકારીશ્રીઓ તથા નિર્ણાયકશ્રીઓના વરદ હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સ્મૃતિભેટ આપવામાં આવી હતી.

અલુણાવ્રત ઉજવણી નિમિત્તે તા.૧૬/૦૭/૨૦૧૯ના રોજ યોજાનાર ગોરમાગીત સ્પર્ધામાં અગાઉથી રજીસ્ટ્રેશન કરાવેલ શાળાઓએ સમયસર ઉપસ્થિત રહેવા નોંધ લેવી તથા સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને નિમંત્રણ છે.

| ક્રમ | તારીખ / વાર | સમય | સ્પર્ધા / વિભાગ | વિભાગ | સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૬/૦૭/૨૦૧૯ મંગળવાર | સવારે ૧૦.૦૦ કલાકે | ગોરમાગીત સ્પર્ધા | પ્રાથમિક વિભાગ | પરફોર્મિંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી–ડૉ.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ, અડાજણ, સુરત |

સમાચારયાદી નં. ૨૫૦ , તા.૧૫/૦૭/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.





# <u>પ્રે સ નો ટ</u>

ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયા ધ્વારા સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં સ્ટ્રીટ ફુડ વેન્ડરોને ફુડ સેફટી એકટ ૨૦૦૬ અંગેની તાલીમનો પ્રોગ્રામ નેશલે ઈન્ડિયા અને નેશનલ સ્ટ્રીટ વેન્ડર એશોસીએશન ઓફ ઈન્ડિયા(નાસવી)સાથે મળી આજ રોજ તા.૧૬/૦૭/૨૦૧૯ના રોજ વહીવટી ભવન, સેન્ટ્રલ ઝોન ખાતે હેલ્ધી સ્ટ્રીટ ફુડ સંદર્ભે તાલીમનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૬૦ થી ૭૦ જેટલા સ્ટ્રીટ ફુડ વેન્ડરોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં આરોગ્ય સમિતિના ચેરમેનશ્રી અને ડેપ્યુ. કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પિટલ) અને ડેઝીગ્નેટેડ ઓફિસરશ્રી ધ્વારા સ્ટ્રીટ ફુડ વેન્ડરોને માર્ગદર્શન આપવામાં આવેલ તેમજ નેશનલ સ્ટ્રીટ વેન્ડર એશોસીએશન ઓફ ઈન્ડિયા (નાસવી) ધ્વારા સ્ટ્રીટ ફુડ વેન્ડરોને ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ અન્વયેના નિયમોનું પાલન કરવા તેમજ સ્વસ્થ આહાર અને સ્વચ્છતા રાખવા બાબતની તાલીમ આપવામાં આવેલ હતી. આવા તાલીમના પ્રોગ્રામ દરેક ઝોનમાં કરી આશરે ૭૦૦ થી ૮૦૦ સ્ટ્રીટ ફુડ વેન્ડરોને તાલીમ આપવાનું આયોજન કરવામાં આવેલ છે અને આગામી દિવસોમાં પણ તાલીમ અને સેમીનાર પણ હાથ ધરવામાં આવશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં.:૨૫૧
તા.૧૬/૦૭/૨૦૧૯





## :: પ્રેસનોટ ::

## "અલુણાવ્રત ઉજવણી નિમિત્તે ગોરમાગીત સ્પર્ધા"

વિષય : અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા આયોજીત ગોરમાગીત સ્પર્ધા

ભારતીય લોકસંસ્કૃતિ અને વૈવિધ્ય સભર સાંસ્કૃતિક વિરાસતનું જતન કરવાના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા અલુણાવ્રત ઉજવણી નિમિત્તે મહેંદી અને ગોરમાગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૧૬/૦૭/૨૦૧૯ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે **ગોરમાગીત સ્પર્ધા** પરફોર્મિંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી–ડૉ.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ, અડાજણ, સુરત ખાતે યોજવામાં આવી હતી. સુખ સમૃધ્ધમય પરણિત ભાવિની કલ્પનાને સાકાર કરવાના હેતુસર અને ભારતીય સંસ્કૃતિમાં બાલિકાઓ, કન્યાઓ અને મહિલાઓ માટે જ વિશેષરૂપે ઉજવાતા આ ઉત્સવની ઉજવણી અંતર્ગત યોજાયેલ ગોરમાગીત સ્પર્ધામાં શહેરની ખાનગી અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ મળી ૪૩ જેટલી પ્રાથમિક શાળાઓની બાળાઓએ ભારતીય પરંપરાગત વેશભૂષામાં સજ્જ થઈને ગોરમાંની આરાધના કરતાં ગીતો પૂરી તન્મયતાથી ગાયાં હતાં. જેને ઉપસ્થિત સૌએ ભાવસભર માણ્યાં હતાં. સ્પર્ધાને અંતે નીચે મુજબની શાળાઓ વિજેતા જાહેર થઈ હતી.

| વિજેતા ક્રમ | શાળાનું નામ |
|---|---|
| પ્રથમ | કૌશલ વિદ્યાભવન |
| દ્વિતીય | ધી રેડિયન્ટ ઈન્ટરનેશનલ સ્કૂલ<br>સંસ્કારભારતી વિદ્યાલય (અંગ્રેજી માધ્યમ) |
| તૃતીય | ડૉ.કે.એસ.ઠાકર કન્યાશાળા<br>શ્રી એચ.જે.ગજેરા પ્રા.ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ |
| આશ્વાસન | શારદા નિકેતન પ્રા.શાળા |
| | શ્રીમતી એસ.એચ.ગજેરા વિદ્યાભવન |
| | સંસ્કારભારતી વિદ્યાલય (ગુજરાતી માધ્યમ |
| | શ્રીમતી શિરીનભાઈ જે લશ્કરી નં–૨૨૦ |
| | એચ.પી.દેસાઈ પ્રાથમિક વિદ્યાલય |

ગોરમાગીત સ્પર્ધાના વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી રશ્મિકાબેન પટેલ, સભ્યશ્રીમતી રમિલાબેન પટેલ અને નિર્ણાયકશ્રીઓના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. ભાગ લેનાર દરેક સ્પર્ધકોને સ્મૃતિભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે શિક્ષકો, વાલીઓ અને સંગીતપ્રેમી નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ગોરમાના ગીતો માંણવા સાથે સ્પર્ધક બાળાઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સમાચારયાદી નં.૨૫૨,તા.૧૬/૦૭/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.


અલુણાવ્રત ઉજવણી નિમિત્તે
સુરત મહાનગરપાલિકા
આયોજીત
ગોરમાગીત સ્પર્ધા



# નવો પૂર્વઝોન(વરાછા)–બી ની અખબારી યાદી

તા.૧૬/૦૭/૨૦૧૯

**"તક્ષશીલા આર્કેડ" નું બાંધકામ દુર કર્યાની વિગત**

નવા ઈસ્ટ ઝોન–બી ના ડે.કમિશ્નરશ્રી(ડી) તથા કાર્યપાલક ઈજનેરની સુચના અને માર્ગદર્શન હેઠળ ૦૩ ડેપ્યુટી ઈજનેર, ઝોનના જુનીયર ઈજનેરો, સ્ટાફ તથા કામદારો મારફત, વોચ એન્ડ વોર્ડ વિભાગના સીકયોરીટી સ્ટાફ, ફાયર બ્રિગેડ સ્ટાફ તેમજ પોલીસ ખાતાના અધિકારીઓ તેમજ પોલીસ સ્ટાફના પોલીસ પ્રોટેકશનની મદદથી ટી.પી.સ્કીમ નં.૨૨(સરથાણા–વાલક) ફા.પ્લોટ નં.૦૧ માં આવેલ નિર્મળ નગર સોસાયટીના સબપ્લોટ નં.અ/૧૫/એ, એ/૧૬, એ/૧૬/બી વાળી મિલ્કતમાં બંધાયેલ **"તક્ષશીલા આર્કેડ"** નામે ઓળખાતી બિલ્ડીંગનો ત્રીજો માળ તથા તેની ઉપરનું માળીયા(ડોમ) નું બિનઅધિકૃત બાંધકામ દુર કરવાની કામગીરી આજરોજ શરૂ કરવામાં આવેલ છે. સદર કામગીરી દરમ્યાન ત્રીજા માળની ઉપરનું માળીયુ(ડોમ) નો ૪૩૫૦ ચો.ફુટ વિસ્તારનું બાંધકામ આજરોજ દુર કરવામાં આવેલ છે.

સદર બાંધકામ નિયમ વિરૂધ્ધનું હતુ જેમાં તા.૨૪/૦૫/૨૦૧૯ ના રોજની આગ લાગવાની દુઃખદ ઘટના બાદ સદર બિલ્ડીંગ બાબતે પોલીસ તપાસની કામગીરી પૂર્ણ થયેલ હોવાનો પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી ડીમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

## સુરત મહાનગરપાલિકા

**<u>પ્રેસ નોટ</u>**

સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા મંજુર થયેલ DPR (Detailed Project Report) Phase-I ના સુચિત કોરીડોર–૧ : સરથાણા થી ડ્રીમ સીટી પૈકી કાદરશાની નાળ થી ડ્રીમ સીટી સુધીના એલીવેટેડ કોરીડોર તથા તેમાં આવેલ કુલ ૧૦ એલીવેટેડ સ્ટેશનની ડીટેઈલ્ડ ડીઝાઈન અગ્રિમતાના ધોરણે હાથ ધરવાનું આયોજન થયેલ છે. જેના માટે GMRC (Gujarat Metro Rail Corporation Ltd.) દ્વારા કન્સલ્ટન્ટ તરીકે SYSTRA કંપનીની નિમણૂંક કરવામાં આવેલ છે. સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટના અમલીકરણ માટે ગુજરાત સરકાર દ્વારા મ્યુ.કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને GMRC ના એકઝી. ડાયરેકટર તરીકે નિયુકત કરવામાં આવેલ છે. જે અન્વયે અગાઉ તા.૧૦/૦૭/૨૦૧૯ ના રોજ ગાંધીનગર ખાતે અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ વિભાગ તેમજ MD, GMRC ના અધ્યક્ષસ્થાને થયેલ મીટીંગમાં ચર્ચા થયા મુજબ સુરત મેટ્રો રેલ પ્રોજેકટના અમલીકરણ અંગે રીવ્યુ માટે અઠવાડિક મીટીંગનું આયોજન થયેલ છે. જે મુજબ તા.૧૬/૦૭/૨૦૧૯ ના રોજ સુરત ખાતે મ્યુ.કમિશ્નરશ્રીની અધ્યક્ષતામાં GMRC ના અધિકારીઓ તેમજ નિયુકત થયેલ કન્સલ્ટન્ટની ટીમ સાથે સુરત મહાનગરપાલિકાના અધિકારીઓની મીટીંગ થયેલ હતી તેમજ આ મીટીંગમાં કન્સલ્ટન્ટ દ્વારા પ્રેઝન્ટેશન કરવામાં આવેલ હતું. જેમાં મ્યુ.કમિશ્નરશ્રી દ્વારા GMRC ના અધિકારીઓને તા.૧૭/૦૭/૨૦૧૯ ના રોજ સુરત મહાનગરપાલિકાના ટાઉન પ્લાનીંગ સાથે સાઈટ વિઝીટ કરવા તેમજ અન્ય સંલગ્ન વિભાગ સાથે જરૂરી સંકલન કરી આગળની કાર્યવાહી તાકીદે કરવા સુચના આપેલ હતી.

***

જનસંપર્ક વિભાગ<br>
સુરત મહાનગરપાલિકા<br>
સમાચાર યાદી નં.:૨૫૪<br>
તા.૧૬/૦૭/૨૦૧૯

## <u>પ્રેસનોટ</u>

### સુરત મહાનગરપાલિકા આયોજિતવિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ.

ચોમાસાનીઋતુ દરમ્યાન રોગચાળો થવાની શકયતા વધુ રહે છે.જેથી શહેરીજનોનું આરોગ્ય જળવાઈ રહે તે હેતુસર સુરત મહાનગરપાલિકા મારફતે સને ૨૦૦૭ થી દર વર્ષે જુદા–જુદા ઝોન વિસ્તારમાં વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે.આમ ૨૦૦૭ થી ૨૦૧૮ દરમ્યાન કુલ ૧૬૦ મેડીકલ કેમ્પો હાથ ધરવામાં આવ્યા હતા.જેમાં જાહેરજનતા તરફથી સારો એવો પ્રતિસાદ મળ્યો હતો. હાલ ચાલુ વર્ષ ૨૦૧૯ માં ૦૮(આઠ)મેડીકલ કેમ્પોનું આયોજન કરવામાં આવ્યુ છે.જે પૈકીનો બીજો મેડીકલ કેમ્પ તા.**૨૦**/૦૭/૨૦૧૯ ને શનિવારનાં રોજ **બમરોલી શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર,કૈલાશનગર ચાર રસ્તા પાસે,બમરોલી,સુરત** ખાતે વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ હાથ ધરવામાં આવનાર છે.જેમાં સ્મીમેર હોસ્પિટલનાં બાળરોગ, સ્ત્રીરોગ, આંખ, ચામડીનાં રોગનાં નિષ્ણાંત, ફિઝીશ્યન તથા સર્જન દ્વારા દર્દીઓનું નિદાન કરી સારવાર આપવામાં આવશેતેમજ જરૂરીયાતમંદ દર્દીઓને વધુ સારવાર અર્થે સ્મીમેર / મસ્કતિ / નવી સિવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવશે.

તદ ઉપરાંત આરોગ્ય ખાતાનાં જુદા–જુદા વિભાગો દ્વારા રસીકરણ, કુટુંબ કલ્યાણ, ટીબી, એચઆઈવી તેમજ પાણીજન્ય અને પાણી સંલગ્ન રોગ,ફાઈલેરીયા,મેલેરીયા રોગ અંગેની જાણકારી તથા તેની કામગીરીનાં પ્રદર્શન દ્વારા આરોગ્ય શિક્ષણ તેમજ સરકારશ્રીની આરોગ્યલક્ષી યોજનાનું માર્ગદર્શન આપવામાં આવશે.

આ કેમ્પમાં નવજાત શિશુથી સગર્ભા માતા સુધી તમામ લાભાર્થીને શીડ્યુઅલ મુજબ રસીકરણ કરવામાં આવશે.

જેથી આ કેમ્પમાં આ વિસ્તારનાં નાગરિકોને મોટી સંખ્યામાં લાભ લેવા આરોગ્યવિભાગ તરફથી વિનંતી કરવામાં આવે છે.

---

જન સંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં...૨૫૫...
તા.૧૯/૦૭/૨૦૧૯

# પ્રેસનોટ

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

## ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનના ડે. કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ નીચે મુજબની મિલ્કતમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની કામગીરી કરવામાં આવેલ છે : –

(૧) સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૨, નોંધ નં.૩૯૯૮,૩૯૯૯, ચોગાન શેરી, સગરામપુરા વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ તા.૧૬/૦૭/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત આશરે ૧૧૦૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ તથા ચણતર દુર કરવામાં આવેલ છે.તેમજ ડીમોલીશન પેટે રૂા.૬૫,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

(૨) સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૫(હરીપુરા), નોંધ નં.૧૨૮૧/બ, સોય શેરી–૨, વાળી મિલ્કતમાં ૧૨૫.૦૦ ચો.મી. માં રજુ કરેલ પ્લાન વિરૂધ્ધ કરેલ ગેરકાયદેસર બાંધકામ અત્રેથી તા.૧૭/૦૭/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત ચોથા માળે આશરે ૪૦૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ દુર કરવામાં આવેલ છે. તેમજ ડીમોલીશન પેટે રૂા.૮,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

(૩) સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૨, નોંધ નં.૧૯૬૦/૩/અ/૧૪/૧+૩, માળી ફળિયા, સિમગા સ્કુલની પાસે વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ તા.૧૭/૦૭/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત પાર્કીગવાળા ભાગમાં બનાવેલ રૂમનું આશરે ૯૦૦ ચો.ફુટ ચણતર દુર કરી પાર્કીગ ખુલ્લુ કરવામાં આવેલ છે.તેમજ ડીમોલીશન પેટે રૂા.૨૫,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

(૪) સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૧૦, નોંધ નં.૧૭૮૯,પોપાવાલાનો ખાંચો, સોનીફળિયા વાળી વર્ષો જુની આર.સી.સી. ગ્રા.ફલોર + ત્રણ માળની બિસ્માર મિલ્કતનો ત્રીજા માળ પર આશરે ૧૦૦૦ ચો.ફુટ ચણતર તથા પતરાવાળો ભાગ ઉતારી પાડેલ છે. તેમજ સદર મિલ્કત ઉતારવાની કામગીરી હાલ પ્રગતિમાં છે

સમાચાર યાદી નં. ૨૫૪
તા.૧૭/૦૭/૨૦૧૯

# નવો પૂર્વઝોન(વરાછા)–બી ની અખબારી યાદી

તા.૧૭/૦૭/૨૦૧૯

**નવો પૂર્વ(વરાછા)ઝોન–બી ના યોગીચોક વિસ્તારમાં ડીમોલીશન બાબત.**

- નવો પૂર્વ(વરાછા)ઝોન–બી ખાતે યોગીચોક નજીક આવેલ સાવલિયા સર્કલ પાસેના "કરુણાનિધિ રેસીડેન્સી" માં આવેલ "રેવતી રેસીડેન્સી" ના "ઈ" બિલ્ડીંગના ભોંયતળીયે આવેલ પાર્કિંગ વાળા ભાગમાં બાંધવામાં આવેલ બે ફલેટોનું આશરે ૧૦૦૦ ચો.ફુટ ગેરકાયદેસર બાંધકામ તા.૧૭/૦૭/૨૦૧૯ ના રોજ દુર કરી પાર્કીંગની જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

ઉકત કામગીરી મે.ડે.કમિશ્નરશ્રી(ડેપ્યુટેશન)ની સૂચના મુજબ કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ શહેરી વિકાસના સ્ટાફ, દબાણ ખાતાનો સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ સહિત પાર પાડવામાં આવેલ.

# પ્રે સ નો ટ

ડે.કમિશનરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારમાં આવેલ નીચે જણાવેલ સંસ્થાઓની તા.૧૭/૦૭/૨૦૧૯નાં રોજ ફુડ સેફટી ઓફિસરો ધ્વારા વરાછાઝોન વિસ્તારના પુણા–યોગીચોક વિસ્તારમાં કુલ–૨૧ સંસ્થાઓની સ્થળ તપાસ કરી ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ હેઠળનાં લાયસન્સ/રજીશ્ટ્રેશન વગર કાર્યરત કુલ–૦૭ સંસ્થાઓને બંધ કરાવી નોટીસ આપવામાં આવેલ છે.

| અ.નં. | સંસ્થાનુ નામ | સરનામુ | રીમાકર્સ |
|---|---|---|---|
| ૧. | કિષ્ણા બેકરી | જી–૧૩, સિલ્વરનેસ્ટ, યોગીચોક, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૨. | સુરતી ખમણ સેન્ટર | જી–૧૮, સિલ્વરનેસ્ટ, યોગીચોક, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૩. | કિષ્ણા આઈસ પાર્લર | જી–૧૯, સિલ્વરનેસ્ટ, યોગીચોક, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૪. | કનૈયા ડેરી એન્ડ સ્વીટસ | જી–૦૬, સિલ્વરનેસ્ટ, યોગીચોક, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૫. | ગુરૂકૃપા ઈદડા હાઉસ | જી–૦૪, સિલ્વરનેસ્ટ, યોગીચોક, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૬. | સોનલી ટેસ્ટી | જી–૦૨, સિલ્વરનેસ્ટ, યોગીચોક, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૭. | રીચ ક્રિમ આઈસ્ક્રીમ | જી–૦૩, જે.કે. બિલ્ડીંગ, યોગીચોક, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |

# **<u>પ્રેસનોટ</u>**

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

## <u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત</u> :–

સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૭, નોંધ નં.૨૯૨૮, વાવ શેરી વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૧૮/૦૭/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત કવર્ડ કરેલ ઓ.ટી.એસ.આશરે ૪૦૦ ચો.ફુટ ખુલ્લા કરવામાં આવેલ. તેમજ ડીમોલીશન પેટે રૂા.૧૫,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૨૫૯
તા.૧૮/૦૭/૨૦૧૯

# –:: **<u>પ્રેસનોટ</u>** ::–

"વિશ્વ તમાકુ નિષેધ દિન" નાં અનુલક્ષમાં તા.૧૮–૦૭–૨૦૧૯ નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય વિભાગ ધ્વારા "તમાકુ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૩" મુજબ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ પ્રતિબંધિત હોઈ જે અંતર્ગત અભિયાન હાથ ધરવામાં આવેલ. જે સંદર્ભે આજરોજ તમામ ઝોનમાં આવેલ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરતા ઈસમો સામે નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ. જેથી શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરનારાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | શૈક્ષણિક સંસ્થાની સંખ્યા કુલ | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં આવેલ કાચા – પાકા કુલ પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા કાચા – પાકા કુલ પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા ઝડપાયેલ ઈસમોની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ રૂ.માં |
|---|---|---|---|---|---|
| **સેન્ટ્રલ** | ૨૭ | ૧૮ | ૧૮ | ૧૮ | ૩૬૦૦ |
| **વરાછા (એ)** | ૧૭૮ | ૧૭૮ | ૩૫ | ૩૫ | ૭૦૦૦ |
| **વરાછા (બી)** | ૨૩ | ૧૨ | ૧૦ | ૧૦ | ૨૦૦૦ |
| **રાંદેર** | ૩૬ | ૬૬ | ૬૬ | ૧૯ | ૩૮૦૦ |
| **કતારગામ** | ૭૩ | ૪૦ | ૨૮ | ૨૫ | ૫૦૦૦ |
| **ઉધના** | ૧૪૮ | ૬૧ | ૨૭ | ૨૭ | ૫૪૦૦ |
| **લિંબાયત** | ૩૫ | ૫૦ | ૨૦ | ૨૦ | ૪૦૦૦ |
| **અઠવા** | ૯૨ | ૪૧ | ૧૬ | ૧૬ | ૩૨૦૦ |
| **કુલ** | ૬૧૨ | ૪૬૬ | ૨૨૦ | ૧૭૦ | ૩૪૦૦૦ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરસેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૨૬૦
તા.૧૮–૦૭–૨૦૧૯

સુરત મહાનગરપાલિકા
સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)

# <u>પ્રેસનોટ</u>

**સાઉથ ઈસ્ટ(લિંબાયત) ઝોન વિસ્તારમાં તા.૧૮/૦૭/૨૦૧૯ ના રોજ ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૨ (ડીંડોલી–ભેસ્તાન–ભેદવાડ), ફાયનલ પ્લોટ નં. ૧૨૬, લક્ષ્મીનારાયણ–૧ માં આવેલ હરીઓમ એજયુકેશન ટ્રસ્ટ સ્કુલમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની કામગીરીની વિગત**

સાઉથ ઈસ્ટ(લિંબાયત) ઝોન વિસ્તારમાં તા.૧૮/૦૭/૨૦૧૯ ના રોજ ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૨ (ડીંડોલી–ભેસ્તાન–ભેદવાડ), ફાયનલ પ્લોટ નં. ૧૨૬ માં આવેલ લક્ષ્મીનારાયણ–૧માં આવેલ હરીઓમ એજયુકેશન ટ્રસ્ટ સ્કુલના ગ્રાઉન્ડ ફ્લોર + ફર્સ્ટ ફ્લોર તથા સેકન્ડ ફ્લોરના ગેરકાયદેસર બાંધકામ બાબતે અત્રેથી કાયદેસરની નોટીસો પાઠવી તા.૩૦/૦૫/૨૦૧૯ ના રોજ ડીમોલીશન હાથ ધરવામાં આવેલ જે દરમ્યાન કુદરતી ન્યાયનાં સિધ્ધાંતે મિલ્કતદારને એક તક આપી મિલ્કતદાર પાસે દિન–૦૭(સાત) માં ગેરકાયદેસર બાંધકામ સ્વખર્ચે તોડીને દુર કરવાની બાંહેધરી લેવામાં આવેલ તેમજ રૂ.૧,૦૦,૦૦૦/– વહીવટી ચાર્જ પેટે વસુલ કરવામાં આવેલ. ત્યારબાદ મિલ્કતદાર તરફથી સદરહું બાંહેધરીનો અમલ ન કરતાં તેમજ ડીમોલીશ બાંધકામ પણ ફરીથી બાંધી દેવાની તજવીજ હાથ ધરતાં હોવાનું ધ્યાને આવતા આજ રોજ સાઉથ ઈસ્ટ(લિંબાયત) ઝોનનાં શહેર વિકાસનાં સ્ટાફ ધ્વારા ડીમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવેલ. સદરહું ડીમોલીશન ધ્વારા ૨૦૦.૦૦ ચો.મી.માં આર.સી.સી.ના સ્લેબ, કોલમ, બીમ તેમજ ચણતરની દિવાલોનું બાંધકામ દુર કરવામાં આવેલ. સદરહું શાળાના સંચાલક ધ્વારા ચાલુ બાંધકામે શૈક્ષણિક કાર્ય શરૂ કરી દીધુ હતુ. પરંતુ પોલીસ સ્ટાફની મદદથી શાળામાં ભણવા/અભ્યાસ કરવા આવેલ અંદાજે ૧૫૦ બાળકો/વિદ્યાર્થીઓને સુરક્ષિત રીતે શાળામાંથી બહાર કાઢી ત્યારબાદ ડીમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવેલ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.૨૬૧

તા.૧૮/૦૧/૨૦૧૯

262

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

**<u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત</u> :–**

સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૭, નોંધ નં.૨૭૮૧/બ વાવ શેરી,પોલીસ ચોકી પાસે, સૈયદપુરા વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૧૯/૦૭/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત કવર્ડ કરેલ ઓ.ટી.એસ. તથા ઓપન સ્પેસવાળો ભાગ આશરે ૬૦૦ ચો.ફુટ ખુલ્લા કરવામાં આવેલ. તેમજ ડીમોલીશન પેટે રૂા.૨૦,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ<br>
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર<br>
સમાચાર યાદી નં. ૨૬૨<br>
તા.૧૯/૦૭/૨૦૧૯

સુરત મહાનગરપાલિકા

ગાંધી સ્મૃતિ ભવન

પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત શહેરના કલાપ્રેમી નાગરિકોના આનંદ પ્રમોદ માટે વર્ષ ૧૯૮૦ થી ગાંધી સ્મૃતિ ભવન ખાતે વ્યકિત/આયોજક/સંસ્થાઓ દ્વારા નાટક, બિઝનેસ મીટીંગ, આરંગેત્રમ, સાંસ્કૃતિક કાર્યક્રમ વિગેરે જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. હાલમાં જાહેર જનતાની સુવિધા અર્થે ગાંધી સ્મૃતિ ભવન જુનું તોડી નવું બનાવવાની કામગીરી બાબતે કન્સલટન્ટ દ્વારા પ્લાનિંગના સ્ટેજ પર હોય, જનહીત અને જાહેર સલામતી ધ્યાને રાખતા ગાંધી સ્મૃતિ ભવન કાર્યક્રમો માટે અચોકકસ મુદત માટે બંધ કરવામાં આવેલ છે. તથા થયેલ તમામ બુકીંગ રદ કરી ભરેલ ભાડું અને ડીપોઝીટ ૧૦૦% પરત કરવામાં આવશે. જે આયોજકો વિકલ્પે સંજીવકુમાર ઓડીટોરીયમ કે સરદાર સ્મૃતિ ભવન ખાતે કાર્યક્રમ કરવા ઈચ્છતા હોય તેમણે સૌ પ્રથમ ગાંધી સ્મૃતિ ભવન ખાતે પૈસા ભરેલ મૂળ રસીદ સાથે સંપર્ક કરી નિયત બાંહેધરી પત્રકમાં પોતાનો વિકલ્પ પસંદ કર્યા બાદ ગાંધી સ્મૃતિ ભવન ખાતેથી પત્ર મેળવી જે તે ઓડીટોરીયમનો સંપર્ક કર્યા બાદ તફાવતના નાણાં જે તે નાગરિક સુવિધા કેન્દ્ર ખાતે ભરપાઈ કરી બુકીંગ કરાવવાનું રહેશે. તથા ગાંધી સ્મૃતિ ભવનની રસીદ તથા તફાવતના ભરેલ નાણાંની રસીદ જે તે ઓડીટોરીયમ ખાતે જમા કરાવવાની રહેશે. ત્યાર બાદ જે તે ઓડીટોરીયમ માંથી પરવાનગી મેળવી જે તે પોલીસ સ્ટેશન માંથી નવું લાયસન્સ મેળવી જમા કરાવવાનું રહેશે. જેની આયોજક/સંસ્થાઓ તથા જાહેર જનતાએ નોંધ લેવી. વધુ માહિતી માટે મેનેજરશ્રી ગાંધી સ્મૃતિ ભવન/ સંજીવકુમાર ઓડીટોરીયમ/ સરદાર પટેલ સ્મૃતિ ભવન ખાતે સંપર્ક કરવાનો રહેશે. વધુમાં જે આયોજકો / સંસ્થાઓ અન્ય ઓડીટોરીયમ ખાતે કાર્યક્રમ કરવા ઈચ્છતા હોય તો તા.૨૫/૦૭/૨૦૧૯ સુધી ગાંધી સ્મૃતિ ભવનનો સંપર્ક કરવાનો રહેશે અન્યથા તમામ બુકીંગ કરાવેલ આયોજકોને ૧૦૦% રીફંડ પરત કરવામાં આવશે અને અન્ય ઓડીટોરીયમ ટ્રાન્સફર આપવાની મંજુરી આપવામાં આવશે નહિ જેની સ્પષ્ટ નોંધ લેવી.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર
સમાચાર યાદી નં....263....
તા.૧૯/૦૭/૨૦૧૯

# નવો પૂર્વઝોન(વરાછા)–બી ની અખબારી યાદી

તા.૧૯/૦૭/૨૦૧૯

**નવો પૂર્વ(વરાછા)ઝોન–બી ના (મોટાવરાછા–ઉત્રાણ)વિસ્તારમાં ડીમોલીશન બાબત.**

- નવો પૂર્વ(વરાછા)ઝોન–બી ખાતે આવેલ ટી.પી.સ્કીમ નં.૨૪(મોટા વરાછા–ઉત્રાણ), ફા.પ્લોટ નં.૨૦૫, આર–૫૪, પાર્કિંગનાં રીઝર્વેશનનાં કુલ ક્ષેત્રફળ –૩૮૯૫.૧૨ ચો.ફુટ પૈકી ૧૮૦૦.૦૦ ચો.ફુટમાં પતરાનો શેડ દુર કરી પાર્કિંગનાં રીઝર્વેશનનો કબજો મેળવવામાં આવેલ છે.

ઉકત કામગીરી મે.ડે.કમિશ્નરશ્રી(ડેપ્યુટેશન)ની સૂચના મુજબ કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ શહેરી વિકાસના સ્ટાફ, દબાણ ખાતાનો સ્ટાફ તથા અમરોલી પોલીસ સ્ટાફ સહિત પાર પાડવામાં આવેલ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૨૬૪
તા.૧૯/૦૭/૨૦૧૯

265

# <u>પ્રેસ નોટ</u>

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુબાજુ વિસ્તારમાં બી.આર.ટી.એસ. અને સીટીબસની સુવિધા રાહત દરે પુરી પાડવામાં આવી રહેલ છે. શહેરના નાગરિકો દ્વારા બસ સેવાનો ખુબજ સારા પ્રમાણમાં લાભ લેવામાં આવી રહેલ છે . જેના પરિણામે મુસાફરોની સંખ્યામાં ઉત્તરો-ઉત્તર વધારો થઈ રહેલ છે. હાલમાં બી.આર.ટી.એસ. ના કુલ ૧૨ રૂટ મળીને આશરે દૈનિક ૧૦૫,૦૦૦ થી વધુ પેસેન્જબરો તેમજ સીટીબસ ના કુલ ૩૭ રૂટ ઉપર આશરે દૈનિક ૧ ,૨૫,૦૦૦ પેસેન્જડરો મળી કુલ ૨,૩૦,૦૦૦ જેટલા નાગરિકો જાહેરપરિવહન સેવાનો લાભ લઈ રહેલ છે

જાહેર પરિવહન સેવાનો શહેરીજનો દ્વારા હાલમાં વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવી રહેલ છે જેને ધ્યાનમાં લઈ હાલમાં કાર્યરત BRTS રૂટ નં. ૧૭ E જે કામરેજ ટર્મિનલ થી સચિન GIDC સુધી કાર્યરત છે, આ રૂટને તા. ૨૦/૦૭/૨૦૧૯ નાં રોજ થી કામરેજ ટર્મિનલ થી સચિન સ્ટેશન(પશ્ચિમ) સુધી લંબાવવામાં આવેલ છે આ રૂટ લંબાવવાથી સચિન GIDC માં ધંધા-રોજગાર અર્થે નવસારી, વલસાડ અને વાપી વિસ્તાર માંથી આવતા લોકોને બસની સેવા મળી શકશે તેમજ સચિન વિસ્તારના રેહવાસીઓને સુરત સ્ટેશન અને કામરેજ સુધીની બસ સેવાની કનેક્ટિવિટી મળી રહેશે. આ રૂટ માં હાલમાં કુલ ૨૯ બસ કાર્યરત છે અને પીકઅવર્સમાં દર પંદર (૧૫) મીનીટે બસ સેવા પ્રાપ્ત થશે

આ રૂટ તા ૨૦/૦૭/૨૦૧૯ નાં રોજથીBRTS રૂટ નં. ૧૭ E જે કામરેજ ટર્મિનલ થી સચિન GIDC સુધી કાર્યરત છે, આ રૂટને સચિન સ્ટેશન (પશ્ચિમ) સુધી લંબાવવામાં આવેલ છે. જે જાહેર જનતાને સદરહુ રૂટની બસ સેવાનો લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. 265
તા. ૧૯/૦૭/૨૦૧૯

266

# -:પ્રસનોટ:-

આજ રોજ તા.૧૯/૦૭૨૦૧૯ના બપોરે ૧૨:૩૦ કલાકે સુરત મહાનગરપાલિકાનાં ટેલીફોન પર નનામા વ્યકિતના ફોન ધ્વારા મળેલ ફરિયાદ અન્વયે "મોરડીયા એસોસીએટ" પી.પી.સવાણી સ્કુલ સામે, હિરાબાગ ખાતેની દુકાનમાં પૈસા લઈને નવા આધાર કાર્ડ બનાવવા તેમજ સુધારા વધારાની કામગીરી થતી હોવાનું જણાવેલ જેના અનુસંધાને વરાછા ઝોન ખાતેથી ડમી ગ્રાહક તરીકે એક વ્યકિતને મોકલી આધાર નોંધણીમાં સુધારો પૈસા આપીને કરાવેલ.

ત્યાર બાદ ડેપ્યુટી કમિશ્નરશ્રી(ડેપ્યુટેશન)નાં માર્ગદર્શન હેઠળ આસી.કમિશ્નરશ્રી-પૂર્વ(વરાછા)ઝોન તથા સ્પે.ઓફિસર ઈલેકશન એન્ડ સેન્સસ વિભાગની સંયુકત ટીમ ધ્વારા તપાસ હાથ ધરવામાં આવેલ.

સદરહુ સ્થળની તપાસ કરતા રાજસ્થાન સરકાર ધ્વારા આધાર નોંધણી "એજન્સી રાજકોમ્પ ઈન્ફો સર્વિસીસ લી."ની કિટ નં.૮૦૧૦૩ના ઓપરેટર મનીષ પરીહારનાં થંબનો રબર મોલ્ડ બનાવી. ને દુકાનના સંચાલક શ્રી મયુરભાઈ રામજીભાઈ મોરડીયા આધાર નોંધણીની કામગીરી કરતા જણાયેલ, જેથી સદરહુ કીટના સાધનો ૨(બે) લેપટોપ, ૧-ફિંગર પ્રિન્ટર ડિવાઈસ, ૧ આઈરીસ સ્કેનર, ૧ વેબ કેમેરો, પ્રિન્ટર વિગેરે સાધનો ઈલે.એન્ડ સેન્સેસ વિભાગ દ્વારા જરૂરી રોજકામ કરી, નિવેદનો લઈ જમા લેવામાં આવેલ છે. અને તે બાબતની પહોંચ સંચાલકને આપવામાં આવેલ છે.

સદરહુ કામગીરી દરમ્યાન કાપોદ્રા પોલીસ સ્ટેશન ખાતે જાણ કરતા પોલીસ સબ ઈન્સપેકટર સહીતનો પોલીસ સ્ટાફ હાજર થઈ કાયદો અને વ્યવસ્થા જાળવવાની કામગીરી કરેલ, બનેલ આ બનાવની જાણ લઈ આગળની ઘટીત કાર્યવાહી શરૂ કરેલ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૨૬૬
તા.૧૯/૦૭/૨૦૧૯

# પ્રે સ નો ટ

સવિનય, ડે.કમિશનરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારમાં આવેલ નીચે જણાવેલ સંસ્થાઓની તા.૧૯/૦૭/૨૦૧૯નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા વરાછા ઝોન અને કતારગામ ઝોન વિસ્તારમાં કુલ–૪૫ સંસ્થાઓની સ્થળ તપાસ કરી ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ હેઠળનાં લાયસન્સ/રજીશ્ટ્રેશન વગર કાર્યરત કુલ–૧૩ સંસ્થાઓને બંધ કરાવી નોટીસ આપવામાં આવેલ છે.

| અ.નં. | સંસ્થાનુ નામ | સરનામુ | રીમાકર્સ |
|---|---|---|---|
| ૧. | શ્રી રામ કિરાણા સ્ટોર્સ | ધ્રુવતારા સોસા., વેડ રોડ, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૨. | ચામુંડા ડેરી | ઉદય નગર–૧, કતારગામ, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૩. | જય ખોડલ ટોબેકો | ધ્રુવતારક સોસા., વેડ રોડ, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૪. | અજય ટોબેકો | રમણ પાર્ક એપાર્ટ, વેડ કતારગામ, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૫. | મહાલક્ષ્મી ટેડ્ર્સ | પ્રણામસ શોપીંગ સેન્ટર, વેડ રોડ, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૬. | જલારામ ફરસાણ | બહુચર નગર, વેડ રોડ, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૭. | શ્રી જલારામ ડેરી એન્ડ કરિયાણા સ્ટોર્સ | બહુચર નગર, વેડ રોડ, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૮. | પટેલ પાંઉભાજી | ધ્રુવતારક સોસા., વેડ રોડ, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૯. | શ્રીનાથજી ટેડર્સ | હરી ઓમ સોસા., ચીકુવાડી, વુડ રોડ, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૧૦. | જય અંબે દાણાચણા એન્ડ બેકરી સેન્ટર | અંબિકા નગર–૨, વુડ રોડ, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૧૧. | ભેરૂનાથ ફરસાણ એન્ડ બેકરી | અંબિકા નગર–૨, વુડ રોડ, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૧૨. | રોયલ ઢોસા | હરે કિષ્ણા સોસાની બાજુમાં, પુણાગામ, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |
| ૧૩. | સાંઈ ઢોસા | હરે કિષ્ણા સોસાની બાજુમાં, પુણાગામ, સુરત | બંધ કરાવવામાં આવેલ છે. |

# **<u>પ્રેસનોટ</u>**

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

## **<u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત</u> :–**

સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૧૧, નોંધ નં.૨૦૩૦,દરિયામહેલ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૨૦/૦૭/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત કવર્ડ કરેલ ઓ.ટી.એસ.આશરે ૨૦૦ ચો.ફુટ ખુલ્લા કરવામાં આવેલ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૨૬૮
તા.૨૦/૦૭/૨૦૧૯

# —: <u>પ્રેસનોટ</u> :—

## <u>સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ</u>

ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન/ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૨૦/૦૭/૨૦૧૯ ના રોજ બમરોલી શહેરી સામુહીક આરોગ્ય કેન્દ્ર, કૈલાસ નગર ચાર રસ્તા પાસે, બમરોલી, સુરત ખાતેથી દિપ પ્રાગટય કરી કેમ્પનો આરંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગમાં મેયરશ્રી ડો. જગદીશભાઈ પટેલ, નેતાશ્રી શાસકપક્ષ ગીરજાશંકર મિશ્રા, આરોગ્ય સમિતિ ચેરમેન શ્રી દિગ્વીજયસિંહ બારડ, હોસ્પિટલ કમિટિ ચેરમેન શ્રી મુળજીભાઈ ઠક્કર, નગર સેવક શ્રી નરેશભાઈ પટેલ, ડે.કમિશનરશ્રી(હેલ્થ અને હોસ્પિટલ)ડો.આશિષ નાયક, ઝોનલ ચીફશ્રી સાઉથ ઝોન, શ્રી આશિષ દૂબે, ઈ.ચા. આરોગ્ય અધિકારીશ્રી ડો. એચ.એન.પટેલ, મેડીકલ ઓફિસરશ્રી(વર્ગ–૧) ડો. ફેનીલ પટેલ, નાયબ આરોગ્ય અધિકારી (સાઉથ ઝોન) ડો. પ્રકાશ પટેલ, ઈ.ચા. નાયબ આરોગ્ય અધિકારી (વેકસીનેશન બ્રાંચ) ડો.ચેતન.કે.ચોકસી, આસી.જંતુનાશક અધિકારી શ્રી કે.બી.વૈષ્ણવ તેમજ સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, ઉન, ઉધના, વિજયા નગર અને પાંડેસરા, શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો, આઈ.સી.ડી.એસ.ના કર્મચારી તથા આરોગ્ય વિભાગનાં અન્ય અધિકારી/કર્મચારીઓ હાજર રહયા હતા.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પમાં બમરોલી શહેરી સામુહીક આરોગ્ય કેન્દ્રની આસપાસના વિસ્તારના **કુલ ૬૩૪** લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં ફિઝીશીયન દ્વારા **૧૦૫**, સર્જન દ્વારા **૪૭**, બાળરોગ નિષ્ણાંત દ્વારા **૧૬૮**, સ્ત્રીરોગ નિષ્ણાંત દ્વારા **૪૦**, ચામડીના નિષ્ણાંત દ્વારા **૮૧**, આંખના નિષ્ણાંત દ્વારા **૭૮**, મેડીકલ ઓફિસર ધ્વારા **૧૧૫** લાભાર્થીઓએ લાભ લીધો હતો તેમજ લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૫૭ દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ઝોનમાં કુલ ૪૦ સગર્ભા બહેનો નોંધાયેલ જેમાં ૦૩ હાયરીસ્ક સગર્ભા બહેનો મળી આવેલ જેને પણ કેમ્પમાં આવરી લેવામાં આવી હતી. ૦૩ કારખાનાઓમાં ૨૯ જેટલાં કારીગરોનું સ્ક્રીનીંગ કરી ૦૩ એસ.ટી.ડી.નાં દર્દીઓએ લાભ લીધો તથા ૦૫ કારખાનાઓમાં ૨૪ જેટલાં કારીગરોનું સ્ક્રીનીંગ કરી ૧૨ દર્દીઓનાં ગળફાની તપાસ કરવામાં આવી હતી. ઓ.આર.એસ ૨૮૭ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૩૪ દર્દીઓને વધુ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી હતી. જુદા–જુદા રોગ અંગેની ૮,૦૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૫૦૦, ઓરલ પીલ્સ ૨૫ પેકેટ, આયર્ન ફોલીક એસીડ નાની મોટી મળી કુલ ૧૨૪૦ ટેબ્લેટ, ક્લોરીન ટેબલેટ ૮૦૦ નું વિતરણ કરવામાં આવ્યુ હતુ. રસીકરણ વિભાગ દ્વારા ૦૧ બાળકને બી.સી.જી., ૦૨ બાળકોને પેન્ટાવેલેન્ટ, ૦૩ બાળકોને પોલીયોની રસી, ૦૧ બાળકને આઈ.પી.વી., ૦૧ બાળકને એમ.આર., ૦૧ બાળકને ડી.પી.ટી.ની રસી, ૦૧ બાળકને વીટામીન–એ તથા ૦૪ સગર્ભા બહેનોને મધર્સ ટી.ટી.ની રસી આપવામાં આવી હતી.

<u>નોંધ</u> ::— આગામી વિના–મૂલ્યે નિદાન / સારવાર કેમ્પનું આયોજન તા.૨૭/૦૭/૨૦૧૯ ના રોજ **ભાઠેના શહેરી** **સામુહીક આરોગ્ય કેન્દ્ર** ખાતે રાખવામાં આવેલ છે. તો આ વિસ્તારની જાહેર જનતાને મહત્તમ લાભ લેવા વિનંતી છે.

જન સંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં..**2.6.9.** –
તા.૨૦/૦૭/૨૦૧૯


સુરત મહાનગરપાલિકા
વિના મૂલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા કનકપુર–કનસાડ નગરપાલિકા અને સચીન નગરપાલિકાના સહકારથી કામરેજથી સચીન GIDC સુધીની(વાયા સુરત રેલ્વે સ્ટેશન–ઉધના દરવાજા) સીટી બસ સેવાને સચીન રેલ્વે સ્ટેશન (પશ્ચિમ બાજુ) સુધી લંબાવવાની બસ સેવાને તા.૨૦/૦૭/૨૦૧૯ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે માન.મેયરશ્રી ડો. જગદીશ પટેલ અને અન્ય મહાનુભવોએ ફલેગ ઓફ આપી સીટી બસ રૂટ નં–૧૭ઈ ને પ્રસ્થાન કરાવ્યું હતું.

આ પ્રસંગે માન.સાંસદ શ્રી સી.આર.પાટીલે પોતાના ઉદબોધનમાં જણાવ્યુ હતુ કે સુરત મહાનગરપાલિકા ધ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુબાજુ વિસ્તારમાં બી.આર.ટી.એસ અને સીટી બસની સુવિધા રાહતદરે પુરી પાડવા આવી રહી છે શહેરના નાગરિકો ધ્વારા બસ સેવાનો ખુબ સારા પ્રમાણમાં લાભ લેવામાં આવી રહેલ છે.જેના પરિણામે મુસાફરોની સંખ્યામાં ઉત્તરો ઉત્તર વધારો થઈ રહેલ છે.

આ પ્રસંગે માન.મેયરશ્રીએ પોતાના ઉદબોધનમાં જણાવ્યુ હતુ કે જાહેર પરિવહન સેવાનો શહેરીજનો ધ્વારા હાલમા વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવી રહેલ છે જેને ધ્યાનમાં લઈ હાલમાં કાર્યરત બી.આર.ટી.એસ.રૂટ ૧૭ઈ જે કામરેજ ટર્મિનલથી સચિન જી.આઈ.ડી.સી.સુધીના રૂટને કામરેજ ટર્મિનલથી સચિન સ્ટેશન સુધી લંબાવવામાં આવેલ છે આ રૂટ લંબાવવાથી સચિન જી.આઈ.ડી.સી.માં ધંધા રોજગાર અર્થે નવસારી, વલસાડ અને વાપી વિસ્તારમાંથી આવતા લોકોને બસની સેવા મળી શકે તેમજ સચિન વિસ્તારના રહેવાસીઓને સચિન સ્ટેશન અને કામરેજ સુધીને બસસેવાની કનેકટીવીટી મળી રહેશે. આ બસ સેવાથી મોટી સંખ્યામાં લોકોને ફાયદો થશે અને લોકોનો પરિવહન ખર્ચ તેમજ સમયની બચત થશે.

આ પ્રસંગે માન.ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ,માન.પ્રમુખ કનકપુર–કનસાડ નગરપાલિકા શ્રી મહેન્દ્રસિંહ ચૌહાણ,માન.પ્રમુખ સચીન નગરપાલિકા શ્રી મનોજભાઈ સોલંકી,જીલ્લા પંચાયતનાં ઉપપ્રમુખશ્રી હિતેન્દ્રસિંહ વાંસીયા, માન.અધ્યક્ષા, જાહેર પરિવહન પ્રવૃતિ સમિતિ શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા, સચીન કનકપુર–કનસાડ નગરપાલિકાના હોદ્દેદારો તથા સુરત મહાનગરપાલિકાની વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, કનકપુર–કનસાડ, સચીન નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રી, મ્યુ.અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ, પ્રેસ–મીડીયાના કર્મચારીઓ તથા જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

જનસંપર્ક વિભાગ<br>
સુરત મહાનગરપાલિકા તરફથી<br>
સાદર સમાચાર યાદી નં.૨૭૦<br>
તા.૨૦/૦૭/૨૦૧૯




EMERGENCY EXIT

## પ્રેસ નોટ :

તા.૨૨-૦૭-૨૦૧૯ નાં રોજ સ્મીમેર ખાતે **માન.મેયરશ્રીની અધ્યક્ષતામાં મળેલ એકઝીકયુટીવ કમિટીની મીટીંગમાં ડે.મેયરશ્રી, શાસક પક્ષનાં નેતાશ્રી, અધ્યક્ષશ્રી (હોસ્પિટલ કમિટી), મેડીકલ એક્ષ્પર્ટસશ્રીઓ વિગેરેની** હાજરીમાં મળેલ મીટીંગમાં સ્મીમેર હોસ્પિટલનાં વિવિધ વિભાગો તથા નવા બનાવવામાં આવેલ વોર્ડસ માટે હોસ્પિટલ ફર્નિચર આશરે રૂ.૩૫,૫૧,૭૫૧/- નાં ખર્ચે તથા સ્મીમેર હોસ્પિટલનાં પેથોલોજી વિભાગમાં સર્જીકલ, ઓટોપ્સી અને ટ્યુબલ લેપરોસ્કોપીનાં સેમ્પલોનાં નિદાન માટે Gorssing Station આશરે રૂ.૨૪,૦૦,૦૦૦.૦૦ તથા Automated Rotary Microtome with disposable knife blade આશરે રૂ.૫૭૨,૪૧૮/- નાં ખર્ચે ખરીદવાની ભલામણ કરવામાં આવી.

## :: પ્રેસનોટ ::

**"સુરત મહાનગરપાલિકા આયોજીત વેશભુષા હરિફાઈ અને સર્જનાત્મક કારીગીરી સ્પર્ધા(વેસ્ટમાંથી બેસ્ટ)"**

**વિષય : ભારતના રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્ય દિન : ૧૫મી ઓગષ્ટ–૨૦૧૯ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૬/૦૮/૨૦૧૯ના રોજ રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ ખાતે આયોજીત વેશભુષા હરિફાઈ અને સર્જનાત્મક કારીગીરી સ્પર્ધા(વેસ્ટમાંથી બેસ્ટ)"**

ભારતના રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્ય દિન : ૧૫મી ઓગષ્ટ, ૨૦૧૯ની સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં થનાર ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૬/૦૮/૨૦૧૯ને મંગળવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ધો.૫ થી ૮ની સર્જનાત્મક કારીગીરી સ્પર્ધા(વેસ્ટમાંથી બેસ્ટ), બપોરે ૧.૦૦ કલાકે ધો.૧ થી ૪ની વેશભુષા હરિફાઈ તથા બપોરે ૩.૦૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમોની સ્કુટિનીનું આયોજન રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ, તરણકુંડની બાજુમાં, સુરત ખાતે કરવામાં આવેલ છે. **આ બંને સ્પર્ધાઓમાં ફકત સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ શાળાઓના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે.** આ સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી, ગ્રાઉન્ડ ફલોર, રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત (ટે.નં. ૨૪૨૩૭૫૧ થી ૫૬–EXT : 279) ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મેળવી તા.૦૩/૦૮/૨૦૧૯ સુધીમાં પરત કરવાના રહેશે.

સમાચારયાદી નં. ૨૭૮ , તા.૨૩/૦૭/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

## <u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત</u> :–

સેન્ટ્રલ ઝોનના ડે. કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ નીચે મુજબની મિલ્કતમાં ગેરકાયદેસર બાંધકામ અન્વયે સીલ મારવાની કામગીરી કરવામાં આવેલ છે : –

(૧) વોર્ડ નં.૧૦, નોંધ નં.૪૩૭ થી ૪૪૦ "ધર્મકૃતિ", પાણીની ભીત, ભાગાતળાવ વાળી મિલ્કતમાં મિલ્કતદારશ્રી સંજય બંસીલાલ દલાલ પાર્ટનર ઓફ ધર્મકૃતિ કન્સ્ટ્રકશન તથા અન્યો ધ્વારા રેસીડેન્સીયલ હેતુસર વિકાસ પરવાનગી મેળવેલ. જેમાં મંજુર પ્લાન વિરુધ્ધ મિલ્કતદારશ્રી ધ્વારા સ્થળ પર ગેરકાયદેસર બાંધકામ કરી, હેતુફેર કરી સુરત મહાનગરપાલિકાની પરવાનગી વગર વપરાશ ચાલુ કરતા અત્રેથી આજરોજ તા.૨૪/૦૭/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી સદર બેઝમેન્ટ + ગ્રા.ફલોર + ચાર માળ સહિતની મિલ્કતમાં સીલ મારવાની કાર્યવાહી કરવામાં આવેલ. વધુમાં મા.ડે.કમિશનરશ્રીની તા.૨૩/૦૭/૧૯ ની મંજુરીથી સદરહુ મિલ્કતના નવા નિયુકત આર્કી./એન્જી.શ્રી અભિષેક એ.પટેલ (લાયસન્સ નં.TDO/ER/979) નું લાયસન્સ તાત્કાલીક અસરથી લસ્પેન્ડ કરવામાં આવેલ છે.

(૨) વોર્ડ નં.૩, નોંધ નં.૪૪, હાફેઝજી શેરી, બરાનપુરી, ભાગળ વાળી રેસીડેન્સીયલ હેતુસરની મિલ્કતમાં મિલ્કતદારશ્રી વૈશાલીબેન વિમલકુમાર દલાલ ધ્વારા પાર્કીગવાળા ભાગમાં બનાવેલ દુકાનમાં અત્રેથી આજરોજ તા.૨૪/૦૭/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી સીલ મારવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૨૭૩
તા.૨૪/૦૭/૨૦૧૪

## <u>પ્રેસનોટ</u>

### સુરત મહાનગરપાલિકા આયોજિત વિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ.

ચોમાસાનીઋતુ દરમ્યાન રોગચાળો થવાની શકયતા વધુ રહે છે.જેથી શહેરીજનોનું આરોગ્ય જળવાઈ રહે તે હેતુસર સુરત મહાનગરપાલિકા મારફતે સને ૨૦૦૭ થી દર વર્ષે જુદા–જુદા ઝોન વિસ્તારમાં વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે.આમ ૨૦૦૭ થી ૨૦૧૮ દરમ્યાન કુલ ૧૬૦ મેડીકલ કેમ્પો હાથ ધરવામાં આવ્યા હતા.જેમાં જાહેરજનતા તરફથી સારો એવો પ્રતિસાદ મળ્યો હતો. હાલ ચાલુ વર્ષ ૨૦૧૯ માં ૦૮(આઠ) મેડીકલ કેમ્પોનું આયોજન કરવામાં આવ્યુ છે. જે પૈકીની ત્રીજો મેડીકલ કેમ્પ તા.૨૭/૦૭/૨૦૧૯ ને શનિવારનાં રોજ ભાઠેના શહેરી સામુહીક આરોગ્ય કેન્દ્ર, તારાવિદ્યા સ્કૂલની સામે, ભાઠેના કોમ્યુનીટી હોલની પાછળ, ભાઠેના, સુરત ખાતે વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ હાથ ધરવામાં આવનાર છે.જેમાં સ્મીમેર હોસ્પિટલનાં બાળરોગ, સ્ત્રીરોગ, આંખ, ચામડીનાં રોગનાં નિષ્ણાંત, ફિઝીશ્યન તથા સર્જન દ્વારા દર્દીઓનું નિદાન કરી સારવાર આપવામાં આવશે તેમજ જરૂરીયાતમંદ દર્દીઓને વધુ સારવાર અર્થે સ્મીમેર / મસ્કતિ / નવી સિવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવશે.

તદ ઉપરાંત આરોગ્ય ખાતાનાં જુદા–જુદા વિભાગો દ્વારા રસીકરણ, કુટુંબ કલ્યાણ, ટીબી, એચઆઈવી તેમજ પાણીજન્ય અને પાણી સંલગ્ન રોગ,ફાઈલેરીયા,મેલેરીયા રોગ અંગેની જાણકારી તથા તેની કામગીરીનાં પ્રદર્શન દ્વારા આરોગ્ય શિક્ષણ તેમજ સરકારશ્રીની આરોગ્યલક્ષી યોજનાનું માર્ગદર્શન આપવામાં આવશે.

આ કેમ્પમાં નવજાત શિશુથી સગર્ભા બહેન સુધી તમામ લાભાર્થીને શીડયુઅલ મુજબ રસીકરણ કરવામાં આવશે.

જેથી આ કેમ્પમાં આ વિસ્તારનાં નાગરિકોને મોટી સંખ્યામાં લાભ લેવા આરોગ્યવિભાગ તરફથી વિનંતી કરવામાં આવે છે.

---

જન સંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં..૨૧૪...
તા.૨૪/૦૭/૨૦૧૯

:: પ્રસનોટ ::

"કારગીલ વિજય દિવસ"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬/૦૭/૨૦૧૯ના રોજ યોજાનાર કારગીલ વિજય દિવસ અને શહીદ જવાનોને શ્રધ્ધા સુમન અર્પણ કાર્યક્રમ

કારગીલની ઊંચી પહાડીઓમાં વિષમ પરિસ્થિતિમાં ભારતીય જવાનોએ ૨૬મી જુલાઈ, ૧૯૯૯ના દિવસે "ઓપરેશન વિજય" પાર પાડી કારગીલની બધી જ ચોકી પર ભારતીય ત્રિરંગો ફરકાવ્યો ત્યારથી કારગીલ વિજયને 'વિજય દિવસ' તરીકે મનાવવા સાથે કારગીલ યુદ્ધમાં શહીદ થયેલા જવાનોને શ્રધ્ધાંજલિ આપવામાં આવે છે. સુરત મહાનગરપાલિકા દ્વારા આ કારગીલ વિજય દિવસ નિમિત્તે તા.૨૬/૦૭/૨૦૧૯ને શુક્રવારના રોજ સવારે ૮.૩૦ કલાકે કારગીલ વિજય દિવસ સાથે કારગીલ યુદ્ધમાં શહીદ થયેલા જવાનોને શ્રધ્ધા સુમન અર્પણ કરવાનો કાર્યક્રમ "કારગીલ ચોક", લેકવ્યુ ગાર્ડન પાસે, પીપલોદ, સુરત ખાતે રાખવામાં આવેલ છે. પોલીસ જવાનોની બ્યુગલની ધુન સાથે શહીદોના સ્મારકને શ્રધ્ધા સુમન અર્પણ કાર્યક્રમમાં સહભાગી થવા જાહેર જનતાને નિમંત્રણ છે.

સમાચારયાદી નં. ૨૭૫ , તા.૨૪/૦૭/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# <u>પ્રેસનોટ</u>

સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

<u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત</u> :–

સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૩(સલાબતપુરા), નોંધ નં.૩૬૭૧, નવાપુરા વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૨૫/૦૭/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત ચોથા માળનો વધારાનો આશરે ૧૦૦ ચો.ફુટ આર.સી.સી.સ્લેબ દુર કરવામાં આવેલ. તેમજ તે અન્વયે વહીવટી ચાર્જ પેટે મિલ્કતદાર પાસેથી રૂ.૪૦,૦૦૦/– વસુલ લીધેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ........276
તા.૨૫/૦૭/૨૦૧૯

## :: પ્રેસનોટ ::

### ''કારગીલ વિજય દિન અને શહીદ જવાનોને શ્રધ્ધા સુમન''

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬/૦૭/૨૦૧૯ના રોજ ''કારગીલ ચોક'' ખાતે યોજાયેલ કારગીલ વિજય દિવસ અને શહીદ જવાનોને શ્રધ્ધા સુમન અર્પણ કાર્યક્રમ.

કારગીલની ઊંચી પહાડીઓમાં કબ્જો જમાવી બેઠેલા ઘૂસણખોરોને પાઠ ભણાવવા ભારતીય લશ્કરની ત્રણેય પાંખના જવાનોએ માણસનું હાડ થિજાવી દે તેવી વિષમ પરિસ્થિતિમાં ૨૬મી જુલાઈ, ૧૯૯૯ના દિવસે ''ઓપરેશન વિજય'' પાર પાડીને કારગીલ, દ્રાસ અને બટાલિકની બધી ચોકી પર પાછો ભારતીય ત્રિરંગો ફરકાવ્યો ત્યારથી ૨૬મી જુલાઈના રોજ કારગીલ વિજયને 'વિજય દિવસ' તરીકે મનાવવા સાથે કારગીલ યુધ્ધમાં શહીદ થયેલા જવાનોને શ્રધ્ધાંજલિ આપવામાં આવી રહી છે. ત્યારે સુરત મહાનગરપાલિકા દ્વારા કારગીલ વિજય દિવસ નિમિત્તે તા.૨૬મી જુલાઈ, ૨૦૧૯ને શુક્રવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ''કારગીલ ચોક'' પીપલોદ, સુરત ખાતે શહીદોને શ્રધ્ધા સુમન અર્પણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. કારગીલ વિજય દિવસની સુપ્રભાતે માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલ, ડે.મેયરશ્રી નિરવ એસ.શાહ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી અનિલભાઈ ગોપલાણી, મ્યુનિ.કમિશનરશ્રી એમ.થેન્નારસન, શાસકપક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, શાસકપક્ષ દંડક શ્રીમતી દક્ષાબેન જરીવાળા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, શહેરના પ્રતિષ્ઠિત નગરજનોએ પોલીસ જવાનોની બ્યુગલની ધુન સાથે શહીદોના સ્મારકને ફુલોની રીંગથી શ્રધ્ધાસુમન અર્પણ કરી દેશ માટે શહીદ થયેલા વીર જવાનોને સલામી આપી હતી. કારગીલ યુધ્ધમાં સામેલ જવાનો તથા માજી સૈનિકોએ પણ ઉપસ્થિત રહી પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે પુર્વ સૈનિક સેવા પરિષદ, સુરતના પ્રેસીડન્ડશ્રી મન મોહન શર્માએ દેશની આઝાદીની રક્ષા કાજે જીવન સમર્પી દેનારા જવાનોના પરિવારજનોની પડખે સુરત શહેર હંમેશાં રહ્યું છે અને સદાય રહેશે એમ જણાવી સૌને સહભાગી થવા હાકલ કરી હતી. માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલએ કારગીલ યુદ્ધ અંગે વિસ્તૃત માહિતી રજુ કરી પ્રશાસન દ્વારા લેવામાં આવેલા સમયસરના નિર્ણયથી ''ઓપરેશન વિજય'' પાર પડયાનું જણાવી રાષ્ટ્રની બલિવેદી પર હસતાં હસતાં મરી મીટેલા અમર શહિદોને આદરાંજલિ આપી હતી.

આ અવસરે સુરત મહાનગરપાલિકા દ્વારા માતૃભૂમિની આઝાદીની રક્ષાર્થે શહીદ થયેલા વીર સપૂતોને ચીરસ્થાયી અને સમાદરપૂર્વક સ્મૃતિબદ્ધ કરવા નગરજનોને એક વૃક્ષને ઉગાડવાની અપીલ કરી ઉપસ્થિત નગરજનોને નિઃશુલ્ક છોડ–રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. કારગીલ વિજય દિવસમાં શારદાયતન શાળાના સ્કાઉટના કેડરો અને વિદ્યાર્થીઓ રેલી આકારે આવી સામેલ થયા હતા. આ પ્રસંગે નગરજનોએ મોટી સંખ્યામાં હાજર રહી ભાવાંજલિ આપી હતી. ઉપસ્થિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાના વિદ્યાર્થીઓના ''જય જવાન જય કિસાન'', ''શહીદો અમર રહો'' અને ''વંદેમાતરમ્''ના નારાથી વાતાવરણ ગુંજી ઉઠયું હતું.

સમાચાર યાદી. ૨૭૭ , તા.૨૬/૦૭/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.